CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 17

# સિટી ન્યૂઝ


સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ

લગાતાર પ્રજાનો વિશ્વાસ

**Year :** 04, **Issue :** 43, Dt. 18-06-2026 (THURSDAY) Rs. 02/- **Page :** 30, RNI No. GUJGUJ/2023/84789



**સિટી ન્યૂઝ સત્ય લખે તો મરચાં લાગે !**

# સત્યથી બેચેન જાડેજા બ્રધર્સ; ચિટિંગનો ખેલ બેનકાબ : આ રહ્યા પૂરાવા

## 3% વળતરની લાલચમાં કરોડોનો ‘ખેલ’


**અરજી થઈ હતી જવાબ લઈ જવા દેવાયા**




**રાજકોટ પોલીસની ‘ભૂલ’ નડી ગઈ !**




**રોકાણકારોને નાણાં પરત આપવાની જગ્યાએ ગઈકાલે સત્ય બહાર આવ્યા બાદ ‘સિટી ન્યૂઝ’ પર ખોટા આક્ષેપ કરી રીલ બનાવી હતી**




**લોકોને જે ચેક આપ્યા છે તેમાં બુદ્ધિપૂર્વક 2029ની ડેટ નાંખવામાં આવી છે એટલે ત્યાં સુધી લોકો ફરિયાદ ન કરી શકે**




**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં રોકાણકારોને માસિક ઊંચા વળતરની લોભામણી લાલચ આપી કરોડો રૂપિયાનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગોંડલના વતની અને રાજકોટમાં ઓફિસ ધરાવતા ’જાડેજા બ્રધર્સ’ સામે એક રોકાણકારે ૬૨ લાખની છેતરપિંડીનો આક્ષેપ લગાવી પોલીસ કમિશનરને અરજી કરી છે. આ સમગ્ર મામલે EOW એ સઘન તપાસ શરૂ કરી છે. આ મામલો સામે આવ્યા બાદ કૌભાંડનો કુલ આંકડો ૧૦૦૦ કરોડથી વધુ હોવાની આશંકા સેવાઈ રહી છે. રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા સ્પાયર-૨ બિલ્ડિંગમાં ઓફિસ ધરાવતી ’જાડેજા બ્રધર્સ ગેઈન સર્વિસ પ્રા. લી.’ નામની કંપની દ્વારા આ આખું કૌભાંડ આચરવામાં આવ્યું છે. ફરિયાદી પુષ્પરાજસિંહ જાડેજાના જણાવ્યા અનુસાર, તેમણે પોતાના મિત્ર મારફતે આ કંપનીનો સંપર્ક કર્યો હતો. કંપની ચલાવતા ત્રણ સગા ભાઈઓ શક્તિસિંહ જાડેજા, રાજદીપસિંહ જાડેજા અને જયરાજસિંહ જાડેજા સાથે મુલાકાત કરાવી હતી. આરોપી ભાઈઓએ રોકાણની રકમના આધારે મહિને ૧.૫%, ૨% અને 3% સુધીના માસિક વળતર આપવાના વાયદા કરીને તેમની પાસેથી કુલ ૬૨ લાખનું રોકાણ કરાવ્યું હતું. આ નાણાં કયા બિઝનેસમાં રોકવામાં આવે છે તેની કોઈ સ્પષ્ટ માહિતી આપવાના બદલે આરોપીઓ તેને પોતાની પર્સનલ મેટર ગણાવતા હતા. છેલ્લા છ મહિનાથી રોકાણકારોને વળતર આપવાના નામે માત્ર વાયદાઓ જ કરવામાં આવી રહ્યા હતા. ફરિયાદીએ ૫૦ લાખનું કાયદેસરનું લખાણ કરાવ્યું હોવા છતાં આજદિન સુધી તેમને એક પણ રૂપિયો પરત મળ્યો નથી. એટલું જ નહીં, જ્યારે રોકાણકારે પોતાની મૂળ રકમ પરત માંગી ત્યારે આરોપીઓએ ઉડાઉ જવાબો આપીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.

## ડંફાસનો જવાબ પૂરાવાથી



**પુષ્પરાજસિંહ જાડેજા**
**રૂા. 62,00,000**



**હેમાંગ આહિર**
**રૂા. 20,00,000**



**જયદિપ માલી**
**રૂા. 50,00,000**



**શિલ્પાબેન મકવાણા**
**રૂા. 3,00,000**


## ડિફેન્સમાં બનાવેલો વીડિયો બન્યો ‘ટ્રેપ’


# ‘જાડેજા બ્રધર્સ’નો વીડિયો વાયરલ, પોલ ખૂલ્લી, કોમેન્ટમાં ચીટિંગના આક્ષેપોનો ‘વરસાદ’













## ખોટા કહ્યા બાદ હવે ફસાયા : રાજકોટથી દિલ્હી સુધીના લોકોને ફસાવ્યા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા સ્પાયર-૨ બિલ્ડિંગમાં ઓફિસ ધરાવતી જાડેજા બ્રધર્સ ગેઈન સર્વિસ પ્રા. લી. ફરી વિવાદોમાં ઘેરાઈ છે. રોકાણકારોને ઊંચા વળતરની લાલચ આપવાના આક્ષેપો વચ્ચે હવે સોશિયલ મીડિયામાં નવા દાવાઓ સામે આવ્યા છે.

સિટી ન્યૂઝ દ્વારા અગાઉ આ મામલે અહેવાલ પ્રકાશિત થતાં કંપનીના ડિરેક્ટરે વીડિયો બનાવી તમામ આક્ષેપોને ખોટા ગણાવ્યા હતા. પરંતુ તે વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ મામલો ઉલટો પડી ગયો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

વાયરલ વીડિયોના નીચે અનેક લોકોએ કોમેન્ટ કરીને છેતરપિંડીના આક્ષેપો કર્યા હોવાનું જણાવાય છે. એક યુઝરે દાવો કર્યો કે “અમારી સાથે પણ ચીટિંગ થયું છે”, જ્યારે દિલ્હીની એક યુવતીએ પણ પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો આક્ષેપ કર્યો છે. માહિતી મુજબ, હવે દિલ્હી અને મુંબઈથી પણ ફરિયાદ દાખલ કરવાની તૈયારી થઈ રહી છે. આથી મામલો માત્ર રાજકોટ પૂરતો મર્યાદિત નથી રહેતો, પરંતુ અન્ય શહેરોમાં પણ તેની અસર જોવા મળી શકે છે.

## વિકાસકામોની કોર્પોરેટરની બેઠકમાં પતિઓની એન્ટ્રી : લોકશાહીની મજાક ?

# મહાપાલિકામાં 'પતિ રાજ' મોડ 'ON'; દખલગીરી શરૂ ?



### મહિલા સશક્તિકરણ કે પતિ સશક્તિકરણ?

### રાજકોટમાં ઉંધો ખેલ !

### મહિલાઓને પ્રજા મત આપી કોર્પોરેટર બનાવ્યા પણ તેમના પતિઓ ચાલાવે રાજ ?

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાપાલિકામાં ફરી એકવાર વહીવટી મર્યાદાના લીરેલીરા ઉડ્યા હોવાની અને 'પતિરાજ' વ્યાપી ગયું હોવાની ચોંકાવનારી વિગત સામે આવી છે. લોકશાહીમાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓને જ સરકારી બેઠકોમાં ભાગ લેવાનો અધિકાર છે, પરંતુ રાજકોટ મનપામાં નિયમોને નેવે મૂકીને મહિલા કોર્પોરેટરોના પતિદેવો પણ વહીવટી ગતિવિધિઓમાં સીધો હસ્તક્ષેપ કરી રહ્યા હોવાનું સામે આવ્યું છે. ગઈકાલે વોર્ડ નં ૨ ના વિવિધ વિકાસકાર્યોના આયોજન અને સમીક્ષા માટે મનપાના અધિકારીઓની સાથે એક મહત્વની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સરકારી બેઠકમાં વોર્ડ નંબર ૨ ના મહિલા કોર્પોરેટરોની સાથે તેમના પતિદેવો પણ સત્તાધારી રૂઆબ સાથે હાજર જોવા મળતા મનપાના રાજકારણમાં અને વહીવટી આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

મળતી વિગતો મુજબ, વોર્ડ નંબર ૨ ના વિકાસકાર્યો અને સ્થાનિક પ્રશ્નોના નિકાલ માટે ગઈકાલે મહાપાલિકાનાં જવાબદાર અધિકારીઓ સાથે એક સત્તાવાર રિવ્યુ બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકનો મુખ્ય હેતુ વિસ્તારની જનતાની સુખાકારી માટેના કામોની ચર્ચા કરવાનો હતો. નિયમ મુજબ આ બેઠકમાં માત્ર ચૂંટાયેલા કોર્પોરેટરો અને મનપાના સત્તાવાર અધિકારીઓએ જ હાજર રહેવાનું હોય છે. પરંતુ આ ગંભીર અને સત્તાવાર વહીવટી પ્રક્રિયામાં ખુલ્લેઆમ ભંગ થતો જોવા મળ્યો હતો.

વોર્ડ નંબર ૨ ના મહિલા કોર્પોરેટર દક્ષાબેન વાઘેલાના પતિ અને અન્ય મહિલા કોર્પોરેટર મીનાબા જાડેજાના પતિ પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા. બંને મહિલા નગરસેવકોનાં પતિ હાજર હોવાના ફોટાઓ સોશિયલ મીડિયામાં સામે આવ્યા છે. પ્રજાએ જે કોઈ મહિલા ઉમેદવારોને પોતાના પ્રતિનિધિ તરીકે મતાધિકાર આપીને ચૂંટ્યા છે, તેમના બદલે તેમના પતિદેવો સરકારી તંત્ર પર રોફ જમાવતા હોય તેવું ચિત્ર અહી ઉપસી આવ્યું છે.

સરકારી અને વહીવટી પ્રોટોકોલ મુજબ કોઈપણ બિન-ચૂંટાયેલી કે બિન-સત્તાવાર વ્યક્તિ આવી હાઈ-લેવલ કમિટી કે રિવ્યુ મીટિંગનો હિસ્સો બની શકે નહીં. આમ છતાં, અધિકારીઓની હાજરીમાં જ આ બંને કોર્પોરેટર પતિઓ બેઠકમાં સામેલ થયા, જે મનપાના નબળા વહીવટ અને રાજકીય દબાણની સાબિતી આપે છે.

આ ઘટના સામે આવ્યા બાદ મહાનગરપાલિકાના વિપક્ષ અને જનતામાં તીવ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે જો વહીવટ પતિદેવોએ જ ચલાવવો હોય તો ચૂંટણીમાં મહિલા અનામત બેઠકોનો શો અર્થ છે? સ્થાનિક સ્તરે ચર્ચા છે કે મહિલા સશક્તિકરણના મોટા-મોટા દાવાઓ વચ્ચે રાજકોટ RMC માં વાસ્તવિકતા તદ્દન અલગ છે, જ્યાં મહિલા કોર્પોરેટરો માત્ર નામ પૂરતા જ પદ પર છે અને અસલી સત્તાનો દોર તેમના પતિઓ સંભાળી રહ્યા છે. આ ગંભીર બેઠકમાં હાજર રહેલા મનપાના અધિકારીઓ પણ કયા દબાણ હેઠળ આ બિન-સત્તાવાર વ્યક્તિઓને બેઠકમાં બેસવા દીધા, તે પણ તપાસનો વિષય બન્યો છે. આ વિવાદ આગામી દિવસોમાં મનપાના જનરલ બોર્ડમાં પણ ગાજે તેવી પૂરેપૂરી શક્યતા છે.

આ મામલે દક્ષાબેન વાઘેલાએ દિવ્યભાસ્કર સાથે કરેલી ટેલીફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, સામાન્ય રીતે જનરલ બોર્ડ અને સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં પતિને સાથે લઈ જવાની મનાઈ હોય છે. આવી બેઠકમાં તેમને સાથે લઈ જવાય કે નહીં તેનો મને ખ્યાલ નહોતો એટલે અમારા વોર્ડનાં વિકાસને લગતી આ બેઠકમાં હું તેમને સાથે લઈ ગઈ હતી. હું કોઈ બેઠકમાં તેમને સાથે લઈ ગઈ હોવ તેવું પ્રથમવાર બન્યું છે.

બીજીતરફ મીનાબા જાડેજાને દિવ્યભાસ્કરે કોલ કરતા આ કોલ જ તેમના પતિ અજયસિંહે જ ફોન ઉપાડ્યો હતો. અને પ્રથમ તો બેઠક દરમિયાન પોતે બહાર ઉભા હોવાનું જણાવ્યું હતું. જોકે દિવ્યભાસ્કરે આ બેઠકના ફોટામાં તેઓ સાથે બેઠા હોવાનું કહેતા જણાવ્યું હતું કે વોર્ડનાં વિકાસ કામો માટેની આ બેઠક હતી. જેમાં હું તેમની સાથે ગયો હતો. નિયમ મુજબ સાથે જઇ શકાય નહીં પરંતુ ત્યાંથી અમારે બંનેને બહાર જવાનું હોવાથી હું સાથે બેઠો હતો.

## ભીડભંજન શેરીમાં 'ટાઈમ બોમ્બ' સમાન જર્જરિત મકાન, તંત્ર નિષ્ક્રિય



# પરાબજારમાં મોતનું મકાન!

## તંત્ર મોટી હોનારતની રાહમાં, વરસાદમાં આ મકાન તો ગયું સમજો : રાહદારીઓ ઉપર જોખમ






**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના અતિ વ્યસ્ત ગણાતા પરાબજાર વિસ્તારમાં આવેલ ભીડભંજન શેરી નં. ૧ માં એક મકાન ઘણા વર્ષોથી બંધ હાલતમાં પડી રહ્યું છે અને હાલ તે અતિ જર્જરિત તથા ભયજનક સ્થિતિમાં પહોંચી ગયું છે. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર આ મકાન કોઈપણ સમયે ધરાશાયી થવાની સંભાવના ધરાવે છે, જેના કારણે આસપાસના લોકોમાં ભારે ભયનો માહોલ સર્જાયો છે.

વિશેષ નોંધનીય છે કે આ શેરી પરાબજારથી સટ્ટાબજાર, દાણાપીઠ અને મોચી બજાર જેવા મહત્વપૂર્ણ વિસ્તારોને જોડે છે, જેના કારણે અહીં દિવસભર અસંખ્ય રાહદારીઓની અવરજવર રહેતી હોય છે. આવી સ્થિતિમાં જો આ મકાન ધરાશાયી થાય તો મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે અને જાનહાનિ થવાની પણ શક્યતા નકારી શકાય નહીં.

સ્થાનિક લોકોએ તંત્રને અનેક વખત જાણ કરી હોવા છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી તેવી પણ ફરિયાદ ઉઠી રહી છે. તેથી લોકોમાં રોષ સાથે ચિંતા પણ વધી રહી છે. જનહિતને ધ્યાનમાં રાખીને તંત્રે તાત્કાલિક આ જર્જરિત મકાન અંગે યોગ્ય કાર્યવાહી કરી સલામતીના જરૂરી પગલાં લેવાની માંગ ઉઠી રહી છે.

આ બાબતને લગતા ફોટા અને વિડીયો પણ સંબંધિત સત્તાધિકારીઓને મોકલવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

સિટી ન્યૂઝ સૌરાષ્ટ્રનો ધબકાર... તમારો વોર્ડ તમારો હક







### મેયરના આદેશ બાદ ભેળસેળીયા સામે તંત્રની લાલ આંખ

# ટેમ્પટેશન, લોર્ડસ રેસ્ટોરેન્ટમાંથી લૂઝ બટર-ચીઝના સેમ્પલ લેવાયા !

## ૨૨૭ જગ્યાએ દરોડામાં સડેલો ખોરાક અને ગંદકી રાખનાર સામે કાર્યવાહી : દંડ ફટકાર્યો

## ધ ગ્રાન્ડ રીજન્સી કમ્ફર્ટઈન, સિનર્જી હોસ્પિટલ કેન્ટીન સહિત મોટી હોટલોમાં સ્વચ્છતા મુદ્દે તપાસ

## પિઝા હટ, પટેલ વિહાર રેસ્ટરન્ટ, સહાજાનંદ રેસ્ટોરન્ટ

### ૯૦૦ કિલ્લો વાસી ખોરાકનો નાશ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય શાખાના ફૂડ વિભાગ દ્વારા શહેરની ખાણીપીણીની દુકાનો અને રેસ્ટોરન્ટમાં ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અને ગંદકી સામે કડક કાર્યવાહી અર્થે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન વેસ્ટ ગેટ-૧, ૧૫૦ ft રીંગ રોડ, ટાટ ફૂડ્સ, શિવાંશ સેલ્સ એજન્સી, નિરવાના એન્ટરપ્રાઇઝ (બર્ગોનોમિસ), S.N હોસ્પિટાલિટી, કે.ટી. ફૂડ વેન્ચર (કાફે,રેસ્ટરો), સંકલ્પ ઢોસા (ગુરુ કૃપા), રેવન્સ ફૂડ L.L.P, પિઝાહટ, વિશ્વા ફૂડ, ડ્રેઝલર પિઝા, પટેલ વિહાર રેસ્ટોરન્ટ, નાણાંવટી ચોક, જાસલ કોમ્પ્લેક્સ સામે, ૧૫૦ ફૂટ રિંગ રોડ, જે.ઠાકર રેસ્ટોરન્ટ, જાસલ કોમ્પ્લેક્સ સામે, ૧૫૦ ft રિંગ રોડ, ક્રિષ્ના દાળ પકવાન, જામટાવર પાછળ, કટક-બટક ફૂડઝોન, જાસલ કોમ્પ્લેક્સ સામે, ૧૫૦ ft રિંગ રોડ, બાલાજી રેસ્ટોરન્ટ (બાલાજી કેટરિંગ), નાણાંવટી ચોક, જાસલ કોમ્પ્લેક્સ સામે, ૧૫૦ ft રિંગ રોડ, સ્ટર્લિંગ હોસ્પિટલ કેન્ટીન, સહજાનંદ રેસ્ટોરન્ટ, દેવજીવન હોટલ, રૈયાધાર મેઈન રોડ, રામાપીર ચોકડી, જાનકી કોમ્પ્લેક્સ, નંદનવન રેસ્ટોરન્ટ, કોર્પોરેટ લેવલ U-F-૧,અયોધ્યા ચોક,૧૫૦ ft રિંગ રોડ, HCG હોસ્પિટલ LLP, અયોધ્યા ચોક, સિનર્જી હોસ્પિટલ કેન્ટીન, (મહિમા એન્ટરપ્રાઈઝ), નાણાવટી ચોક થી સિનર્જી સર્કલ ૧૫૦ ફૂટ રિંગ રોડ, પંકજ ઇન્ટરનેશનલ પ્રા.લી. ધ ગ્રાન્ડ રેજન્સી, ઢોલામારુ રેસ્ટોરન્ટ, ઢેબર રોડ, ધ પાઈનેવીંટા હોટલ, ગોંડલ રોડ, બોમ્બે ગેરેજ, પેટ્રોલ પંપની બાજુમાં, મરાસા હોસ્પિટાલીટી પ્રા.લી.,સર્વર પોર્ટીકો હોટલ, એસ. કુમાર એસોશીએટ પ્રા.લી. કંફર્ટ ઇન લેગસી હોટલ, લીમડા ચોક, જોય એન્ટરપ્રાઈઝ, કસ્તુરબા રોડ, આર.કે.એન્ટરપ્રાઈઝ (ટેમ્પટેશન રેસ્ટોરન્ટ), કસ્તુરબા રોડ, યોગી આનંદ કોમ્પ્લેક્સ, સરગમ ફૂડ્સ, બિલખા પ્લાઝા, ગ્રા. ફ્લોર,કસ્તુરબા રોડ, ચરખા ઇટરી, મહાત્માગાંધી મ્યુઝિયમ પરિસર, જવાહર રોડ, ખોડિયાર રેસ્ટોરન્ટ તથા બજરંગ રેસ્ટોરન્ટ, સાઈબાબા સર્કલ, બિઝનેસ પોઈન્ટ શોપ નં-૧૩, પર્વ રેસ્ટોરન્ટ, રોલેક્સ રોડ, કોઠારીયા, બર્ગર ભાઉ, સુરભી પોસિબલ-૩, ઓમકાર સ્કૂલ સામે, કોઠારીયા રોડ, રાજકોટ.આકાશવાણી ચોક, યુનિવર્સિટી ગેટની પાસે હોકર્સ ઝોન, કુંડલીયા કોલેજ પાસે હોકર્સ ઝોન, જામ ટાવર પાસે હોકર્સ ઝોન, વિરાણી હોકર્સ ઝોન, પીડી માલવિયા હોકર્સ ઝોન, કુવાડવા રોડ થી ગ્રીનલેંડ ચોકડી સુધી બંને બાજુ હોકર્સ ઝોન, મેઘાણી રંગ ભુવન હોકર્સ ઝોન, હેમુ ગઢવી હોલ સામે હોકર્સ ઝોન, પીડીએમ કોલેજ સામે હોકર્સ ઝોન, રેલનગર આસ્થા હોકર્સ ઝોન, પારુલ બગીચો હોકર્સ ઝોન સ્થળેથી કુલ મળી ૨૧૭ પેઢી, રેસ્ટોરંટ, તથા હોકર્સ ઝોનની તપાસ કરતાં કુલ ૮૮૭ K.G અખાદ્ય વાસી જથ્થાનો નાશ કરી કુલ ૬૨ પેઢીને સ્ટોરેજ તથા હાઈજેનિક કન્ડિશન બાબતે નોટિસ આપવામાં આવેલ તેમજ રૂ.૧,૦૮,૦૦૦/- ની પેનલ્ટી વસૂલવામાં આવેલ.

### મવડીમાં નશાનો કાળો કારોબાર જૈસે થૈ !

# રાજકોટમાં 'સીરપ માફિયા' બેફામ 6 મહિનામાં કોડવર્ડ બદલાયો, ધંધો યથાવત!



## અગાઉ બહારની પોલીસ એક્શનમાં આવી હતી, સ્થાનિક તંત્ર સાયલન્ટ

### યુવાધનને બરબાદ કરવાનું સૌથી મોટું ષડયંત્ર

## એસપી અને 10 માંથી હવે કોડવર્ડ બન્યો 'ટીકડા'!



સિટી ન્યૂઝ | Rajkot | 02 | 08 JANUARY 2026, THURSDAY

બપોરે 12 થી 2 વાગ્યા સુધીમાં 'કોડવર્ડ' (એસ.પી અને 10 નંબર)નો ખેલ

**રાજકોટઃ મવડી વિસ્તારમાં મેડિકલ સ્ટોરની આડમાં નશાનો કાળો કારોબાર, કોડવર્ડથી થતું વેચાણ**

**સ્થાનિકોનો સવાલ**
શું રાજકોટના ડ્રગ્સ વિભાગને આ કાળા કારોબારની ગંધ પણ ન આવી? અન્ય રાજ્યની પોલીસ આવીને કાર્યવાહી કરી જાય ત્યાં સુધી સ્થાનિક તંત્ર કેમ મૌન રહ્યું?

"મેડિકલ વ્યવસાય એ સેવાનો વ્યવસાય છે, નશાનો નહીં. જો કોઈ કાયદો તોડશે તો એસોસિએશન તેની વહારે નહીં આવે"

રાજકોટમાં ફરી સળગ્યો સીરપ કાંડ

**અન્ય રાજ્યની પોલીસ ત્રાટકી ત્યારે ભોપાળું છતું થયું**

**લેભાગુ તત્વો સામે નવા-જૂની કરવાના મૂડમાં**

**નશાકારક સીરપ કાંડઃ કેમિસ્ટ એસો.ના પ્રમુખ લાલઘૂમ**

### મોટો સવાલઃ શું મેડિકલનું લાઈસન્સ કાયમી રદ થશે?

- 'સિટી ન્યૂઝ'ના આ ધારદાર અહેવાલ બાદ હવે જનતાના મનમાં સવાલો ઉઠી રહ્યા છે
- શું તંત્ર આ અહેવાલ પછી પણ ઘોરતું રહેશે કે પછી જાગશે?
- નશાનો વેપાર કરતા આવા મેડિકલ સ્ટોર્સના લાઈસન્સ કાયમી માટે કેન્સલ (રદ્દ) કરવામાં આવશે ખરા?
- રાજકોટના યુવાધનને બરબાદ થતું અટકાવવા માટે કોઈ નક્કર પગલાં લેવાશે કે પછી 'વહીવટ' થઈ જતા જ મામલો થાળે પાડી દેવાશે?







## આ છે પૂરાવા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રંગીલું રાજકોટ હવે નશાના રવાડે ચડી રહ્યું હોય તેવા ચોંકાવનારા દ્રશ્યો ફરી સામે આવ્યા છે. રાજકોટના મવડી વિસ્તારમાં આવેલ એક મેડિકલ સ્ટોર પર નશાકારક સિરપ અને ગોળીઓનો વેપલો બેરોકટોક ચાલુ હોવાનો પર્દાફાશ થયો છે. નવાઈની વાત એ છે કે, તંત્રની રહેમનજર હેઠળ માત્ર ૬ મહિનામાં આ કાળા કારોબારનો 'કોડવર્ડ' બદલાઈ ગયો છે, પણ પાપનો આ ધંધો બંધ થયો નથી.

છ મહિના પહેલાં જ્યારે આ જ વિસ્તારમાં નશાનો વેપાર ચાલતો હતો, ત્યારે સ્થાનિક તંત્ર ઘોર નિંદ્રામાં હતું. છેક બહારના રાજ્યની પોલીસે આવીને અહીં દરોડા પાડ્યા અને સપાટો બોલાવ્યો હતો. એ સમયે 'સિટી ન્યૂઝ' દ્વારા અહેવાલ પ્રકાશિત કરીને તંત્રની આંખો ખોલવાનો પ્રયાસ કરાયો હતો.

ત્યારબાદ FDCA (ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન)ની નવી ટીમ આવી. આશા હતી કે નવી ટીમ કડક પગલાં લેશે, પરંતુ આ નવી ટીમ પણ કામ બતાવવાને બદલે કુંભકર્ણની નિંદ્રામાં પોઢી ગઈ હોય તેવું લાગી રહ્યું છે. ચર્ચા તો એવી પણ છે કે તંત્રને માત્ર 'વહીવટ' (કવાડિયા) કરવામાં જ રસ છે, રાજકોટનું યુવાધન ભલે નશાની ગર્તામાં ધકેલાઈ જાય!

**6 મહિના પહેલાં બહારની પોલીસે સપાટો બોલાવ્યો હતો, છતાં તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં!**

તાજેતરમાં જ મવડી વિસ્તારનો એક વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થયો છે, જે તંત્રની કામગીરી સામે આંગળી ચીંધે છે. ૬ મહિના પહેલાં જે નશાનો સામાન 'એસપી' અને '૧૦' ના કોડવર્ડથી વેચાતો હતો, તે કોડવર્ડ હવે બદલીને 'ટીકડા' કરી નાખવામાં આવ્યો છે.

હાલ બજારમાં ગોળીઓની અછત હોવાને કારણે 'ટીકડા'ના નામે ગ્રાહકોને નશાકારક સીરપ પધરાવવામાં આવી રહી છે. આ એવી સીરપ છે જેમાં 'કોડિન' (Codeine) નું પ્રમાણ અત્યંત વધારે હોય છે, જે સીધું મગજ પર અસર કરે છે. નશાડીઓ જ્યારે મેડિકલ સ્ટોર પર જઈને કહે કે "બોટલ આપો", એટલે તરત જ ૩૦૦ રૂપિયામાં ૧૦૦ ml ની નશાકારક સીરપ હાથમાં પધરાવી દેવાય છે.

# વિરોધ...વિરોધ...ને...વિરોધ

### બેડી હડમતીયાના ગ્રામજનોમાં રોષ

## ખરાબ રોડ પ્રશ્ને ચક્કાજામ



### અનેક રજૂઆત બાદ કામ નહીં થતાં વિરોધ કર્યો



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગોની બિસ્માર હાલતને કારણે સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. રાજકોટના બેડી અને હડમતીયા ગામ વચ્ચેનો મુખ્ય રસ્તો લાંબા સમયથી અત્યંત ખરાબ અને બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે, જે અહીંથી પસાર થતા વાહનચાલકો અને સ્થાનિક ગ્રામજનો માટે મોટો માથાનો દુખાવો બન્યો છે. રસ્તા પર ઠેર-ઠેર પડેલા મોટા ખાડાઓ અને ઉડતી ધૂળના કારણે રોજિંદા અવરજવરમાં લોકોને ભારે મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે. આ મામલે સ્થાનિક લોકો દ્વારા વારંવાર વહીવટી તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. વારંવારની રજૂઆતો બાદ પણ તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવતા આખરે ગ્રામજનોની ધીરજ ખૂટલા રોષે ભરાઈને રાજકોટ-મોરબી હાઈવે પર બેડી ગામ નજીક એકત્રિત થઈને ભારે વિરોધ પ્રદર્શન સાથે ચક્કાજામ કર્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ, બેડી અને હડમતીયા ગામને જોડતો આ માર્ગ લાંબા સમયથી રિપેરિંગની રાહ જોઈ રહ્યો છે. રસ્તાની ખરાબ હાલત અંગે જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતના સદસ્યો અને MLA જીતુ સોમાણી સહિતના જવાબદાર પદાધિકારીઓ, જનપ્રતિનિધિઓ સમક્ષ અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી. ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે ચૂંટણી સમયે મોટા-મોટા વાયદાઓ કરનારા રાજકીય નેતાઓ અને લોકપ્રતિનિધિ જીત્યા પછી ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક સુવિધાઓ તરફ ધ્યાન આપતા નથી. કોઈ પણ પદાધિકારી કે ધારાસભ્ય હજુ સુધી આ રસ્તાની મુલાકાત લેવા કે સ્થાનિકોની સમસ્યા સાંભળવા આવ્યા નથી.

## પાણી નહીં મળતા કૂવાડવા રોડ પર મહિલાઓ કર્યો ચક્કાજામ

### આગામી દિવસોમાં પાણી વિતરણ ન થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી



તસવીરઃ અક્ષય ગોંડલિયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં પાણીની સમસ્યા હવે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહી છે. કુવાડવા રોડ વિસ્તારમાં પાણી વિતરણ વારંવાર ખોરવાતા સ્થાનિક મહિલાઓએ આક્રોશ વ્યક્ત કર્યો અને રસ્તા પર ઉતરીને જોરદાર વિરોધ નોંધાવ્યો. મહિલાઓએ રસ્તો બંધ કરીને ચક્કાજામ સર્જ્યો, જેના કારણે વિસ્તારમાં થોડા સમય માટે ટ્રાફિક પણ અસરગ્રસ્ત બન્યો.

પ્રદર્શનકારીઓનો આરોપ છે કે પાણી નિયમિત મળતું નથી અને પૂરતા પ્રમાણમાં પણ આપવામાં આવતું નથી, જેના કારણે રોજિંદી જીવન પર ભારે અસર પડી રહી છે.

વિરોધ દરમિયાન મહિલાઓએ સ્પષ્ટ ચેતવણી આપી કે જો આગામી દિવસોમાં પાણી વિતરણ યોગ્ય રીતે નહીં થાય, તો તેઓ વધુ ઉગ્ર આંદોલન કરશે. “હવે સહન નહીં કરીએ” એવા સૂત્રોચ્ચાર સાથે મહિલાઓએ તંત્ર સામે નારાજગી વ્યક્ત કરી. મામલો ગરમાતા સ્થાનિક આગેવાનો સ્થળ પર દોડી આવ્યા અને મહિલાઓને સમજાવીને સ્થિતિ શાંત પાડવાનો પ્રયાસ કર્યો. તેમની હસ્તક્ષેપ બાદ વિરોધ તાત્કાલિક રીતે થાળે પડ્યો.

### આંતરિક બદલીથી કામગીરી ઠપ્પ

# RMC આવાસ વિભાગમાં તાનાશાહી; 14 કર્મચારીઓની 15 મહિનામાં 13 ટ્રાન્સફર

### મેનેજરથી કર્મચારીઓ કંટાળી ગયા



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની આવાસ યોજનામાં આંતરિક તણાવ હવે ખુલ્લેઆમ સામે આવ્યો છે. વિભાગના કર્મચારીઓએ મેનેજર સૂર્યપ્રતાપસિંહ સામે ગંભીર આક્ષેપો લગાવતા મનપા કમિશનરને લેખિત ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ, આવાસ યોજનાના માત્ર ૧૪ કર્મચારીઓની છેલ્લા ૧૫ મહિનામાં ૧૩ વખત બદલી કરવામાં આવી છે. દર મહિને થતી આ આંતરિક બદલીને કારણે વિભાગની કામગીરી ઠપ્પ થઈ ગઈ હોવાનો કર્મચારીઓનો આરોપ છે.કર્મચારીઓનું કહેવું છે કે વારંવારની બદલીને કારણે કોઈપણ પ્રોજેક્ટ પર સતત કામ શક્ય બનતું નથી. પરિણામે આવાસ યોજનાના કામોમાં વિલંબ અને ગડબડ સર્જાઈ રહી છે.કર્મચારીઓએ વધુમાં આક્ષેપ કર્યો છે કે મેનેજર દ્વારા નાની-નાની બાબતોમાં શો-કોઝ નોટિસ આપવામાં આવે છે અને કોર્ટ કાર્યવાહી કરવાની ધમકી આપવામાં આવે છે, જેના કારણે સ્ટાફમાં ભયનો માહોલ સર્જાયો છે. આક્ષેપ છે કે ૫ થી ૧૦ મિનિટ મોડું થવા પર કર્મચારીઓની અડધા દિવસની રજા કપાઈ જાય છે, જ્યારે બીજી તરફ મેનેજર ખુદ ખાનગી તબીબનું સર્ટિફિકેટ રજૂ કરીને રજા ભોગવે છે. આ દ્વિધા વલણથી કર્મચારીઓમાં ભારે અસંતોષ ફેલાયો છે. આ સમગ્ર મામલે હવે કર્મચારીઓએ મનપા કમિશનરને લેખિત અરજી કરી છે અને યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

### વોર્ડ નં.13, 7, 2માં આજે સફાઈ નથી થઈ

# રાજકોટમાં ત્રણ વોર્ડમાં સફાઈ વ્યવસ્થા ઠપ્પ; પગાર નહીં તો કામ નહીં

### કર્મચારીઓની હડતાળથી શહેરમાં ગંદકીનો ઢગલો



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં સફાઈ વ્યવસ્થા ખોરવાઈ જતાં નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના વોર્ડ નં. ૧૩, ૭ અને ૨માં સફાઈકર્મચારીઓએ કામ બંધ રાખતાં ગંદકીના ઢગલા સર્જાયા છે. માહિતી મુજબ, બિમલ રાજ કોન્ટ્રાકટર વિજય બિહારી અને પીજે રાઠોડ સામે સફાઈકર્મચારીઓએ ગંભીર આક્ષેપો લગાવ્યા છે. કર્મચારીઓનું કહેવું છે કે છેલ્લા ત્રણ મહિનાથી તેમને પગાર ચૂકવવામાં આવ્યો નથી, જેના કારણે તેઓ આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે. હડતાળ પર ઉતરેલા કર્મચારીઓએ સ્પષ્ટ જણાવ્યું છે કે જ્યાં સુધી બાકી રહેલા પગાર ચૂકવવામાં નહીં આવે, ત્યાં સુધી તેઓ કામગીરી પર પાછા ફરશે નહીં. કર્મચારીઓએ વધુમાં આક્ષેપ કર્યો છે કે પીજે રાઠોડ દ્વારા 30 સપ્ટેમ્બર ૨૦૨૫થી તેમના પગારમાંથી દર મહિને ૩,૦૦૦ની કટકી કરવામાં આવી રહી છે, જેનાથી તેમની હાલત વધુ ખરાબ બની છે. ત્રણેય વોર્ડમાં સફાઈ કામગીરી બંધ થતાં શહેરના અનેક વિસ્તારોમાં ગંદકી ફેલાઈ રહી છે, જે આરોગ્ય માટે પણ ખતરો બની શકે છે.






### FDCAના અમૂક અધિકારી અને PCD ફાર્મા કંપનીઓ વચ્ચે ગોઠવણ ?

# રાજકોટમાં ‘મેડિકલ માફિયા’નો કબ્જો? જનતાના જીવ સાથે ખત્તરનાક ખેલ!

- કોઈ કડક ચેકિંગ નહીં, આ કંપનીઓને આટલી ખૂલ્લી છૂટ કોણ આપી રહ્યુ છે
- મોટા ખેલાડીઓ સામે આંખ આડા કાન અને નાના વેપારીઓ પર કડકાઈનો દંડો

## બેદરકારી કે પાછળ મોટો ખેલ ચાલી રહ્યો છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં હવે સવાલ સીધો છે શું શહેરની જનતા દવાઓના નામે ખતરનાક ખેલનો ભોગ બની રહી છે? આરોગ્યના રક્ષકો જ જો ભક્ષક બની જાય, તો જનતા ક્યાં જાય?

સિટી ન્યૂઝના ધડાકેદાર ખુલાસામાં સામે આવ્યું છે કે FDCAના અમુક ભ્રષ્ટ તત્વો અને બેફામ PCD ફાર્મા કંપનીઓ વચ્ચે ગોઠવણના ગંભીર આક્ષેપો ઊભા થઈ રહ્યા છે. નિયમો અહીં માત્ર કાગળ પર છે જમીન પર તો માત્ર સેટિંગનો જ રાજ ચાલે છે એવી ચર્ચાઓ ગરમાઈ રહી છે! ગલીએ-ગલીએ ફેક્ટરીઃ PCD કંપનીઓનો ધમાકેદાર વિસ્ફોટ!

"લૂંટ રહે હૈં વો લિબાસ-એ-રહેબર મેં રહઝન બનકર,
યહાં મરઝ હી મસીહા હૈ, ઔર મસીહા હી કાતિલ હૈ!"



રાજકોટમાં PCD કંપનીઓ જાણે મશરૂમ ગ્રોથની જેમ ઊગી રહી છે! કોઈ સ્પષ્ટ નીતિ નહીં, કોઈ કડક ચેકિંગ નહીં બસ, ધંધો ચાલુ! સવાલ એ છે કે આ કંપનીઓને આટલી ખુલ્લી છૂટ કોણ આપી રહ્યું છે?

શું આ માત્ર બેદરકારી છે કે પાછળ કોઈ મોટો ખેલ ચાલી રહ્યો છે? મલાઈ મોટી માછલીઓ માટે, કાયદો નાના વેપારીઓ માટે!

"બડે લોગોં કી ખતા ભી છુપ જાતી હૈ અંધેરે મેં,
યહાં ગરીબ કી હર સાંસ પર પહરા લગાયા જાતા હૈ!"

સિટી ન્યૂઝના ગ્રાઉન્ડ ઝીરો પરથી મળતી માહિતી પ્રમાણે, મોટા ખેલાડીઓ સામે આંખ આડા કાન અને નાના વેપારીઓ પર કડકાઈનો દંડો!

મોટા મગરમચ્છો ખુલ્લેઆમ તરતા રહે છે, જ્યારે નિયમ મુજબ કામ કરતા નાના મેડિકલ સ્ટોર ધારકોને હેરાનગતિનો સામનો કરવો પડે છે. આ કઈ પ્રકારની ન્યાય પ્રણાલી?

### જનતા પૂછે છે જવાબ કોણ આપશે?

- શું રાજકોટમાં મેડિકલ માફિયા સક્રિય છે?
- FDCAના ભ્રષ્ટ તત્વો સામે ક્યારે કાર્યવાહી થશે?
- જનતાના આરોગ્ય સાથે રમખાણ બંધ થશે કે નહીં?
- કાયદો સૌ માટે સમાન ક્યારે બનશે?
- "સફેદ લિબાસોમાં છુપાયેલા સિયાહ ચહેરાઓ હવે બહાર આવશે,
- જનતા હવે દરેક સોદાનો હિસાબ માંગશે!"
- હવે નજર તંત્ર પર શું આ ખુલાસા પછી કોઈ કડક પગલાં લેવામાં આવશે કે બધું ફરીથી ફાઈલોમાં જ દફનાઈ જશે?

## કીર્તી પટેલનો ખૂલ્લુ એલાન

# મંત્રી વાઘાણી ખેડૂતોને ન્યાય આપશે તો પગ ધોઈ પાણી પી લઈશ!





**ખેડૂતોના નામે રાજકારણ બંધ કરો : કિર્તી પટેલ**

**સિટી ન્યૂઝ@ભાવનગર**

ખેડૂતોના ખેતરમાંથી નીકળતી વીજલાઈન સહિતના પ્રશ્ને હાલ રાજ્યભરમાં વિરોધનો સૂર ઉઠ્યો છે. ૧૫મી જૂને ટ્રેક્ટર રેલી અમદાવાદ પહોંચ્યા બાદ વિવાદ થયો હતો. ખેડૂતોના પ્રશ્ને હાલ ભાજપ, કોંગ્રેસ અને આપ વચ્ચે આક્ષેપબાજી ચાલી રહી છે. ત્યારે હવે ખેડૂતોના મુદ્દે કીર્તિ પટેલની એન્ટ્રી થઈ છે. કીર્તિ પટેલ કૃષિ મંત્રી જીતુ વાઘાણીના ભાવનગરમાં આવેલા કાર્યલાય પર પહોંચી ૧૫ દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે. કીર્તિ પટેલે કહ્યું હતું કે, જો જીતુ વાઘાણી ૧૫ દિવસમાં ખેડૂતોના પ્રશ્નનો ઉકેલ લાવી દેશે તો તેના પગ ધોઈને હું પાણી પીઈશ.

કીર્તિ પટેલે પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે,"અત્યાર સુધી અન્ય પક્ષો ખેડૂતોના મુદ્દા પર માત્ર રાજકારણ કરી પોતાના રોટલા શેકી રહ્યા હતા, જેના કારણે ખેડૂતો માત્ર માર ખાઈ રહ્યા હતા. હવે ગુજરાતના યુવાનો જાગી ગયા છે અને ખેડૂતોને તેમનો હક ન મળે ત્યાં સુધી આ લડત ચાલુ રહેશે." તેમણે પોતે ખેડૂતની દીકરી હોવાનું ગૌરવ લેતા કહ્યું કે, તેમને સોશિયલ મીડિયા પર અનેક ખેડૂતોના મેસેજ આવતા હતા, જેના પગલે તેમણે આ જવાબદારી ઉપાડી છે.



**બન્ની ગજેરાએ કહ્યું ખેડૂતોને તો મૂકો**

કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી અંગે વાત કરતા કીર્તિ પટેલે જણાવ્યું હતું કે, "જીતુભાઈ પોતે એક ખેડૂત પુત્ર છે તેમને ખેડૂતોના પરસેવાની કિંમત અને મહેનતની ખબર જ હોય. અમને તેમના પર પૂરેપૂરો ભરોસો છે કે, તેઓ ખેડૂતોને યોગ્ય ન્યાય અપાવશે." જોકે, સાથે જ તેમણે ચેતવણી પણ આપી હતી કે, જો ૧૫ દિવસની અંદર ખેડૂતોની માંગણીઓ અને યોગ્ય વળતર અંગે કોઈ સકારાત્મક નિર્ણય નહીં આવે, તો તેઓ સોશિયલ મીડિયાના સ્ટાર્સ અને ગુજરાતના તમામ યુવાનોને સાથે લઈને ફરી રજૂઆત કરશે.

આ સંદર્ભમાં તેમણે અને અન્ય યુવાનોએ જણાવ્યું હતું કે, "જો જરૂર પડશે તો અમે જીતુભાઈના પગ પકડીને પણ ખેડૂતોને ન્યાય અપાવવા માટે વિનંતી કરીશું." અંતમાં કીર્તિ પટેલે અપીલ કરતા કહ્યું કે, "અમારે કોઈ જશ નથી જોઈતો, અમારે માત્ર ખેડૂતોનું ભલું જોઈએ છે. જો જીતુભાઈ ખેડૂતોને ન્યાય અપાવશે તો તેના પગ ધોઈને પાણી પીઈશ.




**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં ચોમાસાની સિઝન દરમિયાન હોર્ડિંગ્સને લઈને લોકોમાં રહેતી ભયભાવના આ વર્ષે ઓછી થઈ હોવાનું જણાઈ રહ્યું છે. રાજકોટ મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા શહેરભરમાં કરવામાં આવેલી ચકાસણી દરમિયાન એકપણ હોર્ડિંગ જોખમી હાલતમાં નથી હોવાનું સામે આવ્યું છે. મહાપાલિકાના અધિકારી એમ એ ગાંધી ના જણાવ્યા મુજબ, સમગ્ર શહેરમાં વિવિધ વિસ્તારોમાં લગાવવામાં આવેલા હોર્ડિંગ્સની સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી (મજબૂતી)ની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન કોઈપણ હોર્ડિંગથી તાત્કાલિક જોખમ ઊભું થાય તેવી સ્થિતિ જોવા મળી નથી. પરિણામે,




આ વર્ષે એકપણ એડવર્ટાઈઝિંગ એજન્સીને નોટિસ આપવામાં આવી નથી.મહાપાલિકાએ એડ એજન્સીઓને સ્પષ્ટ સૂચના આપી છે કે બિલ્ડિંગની મજબૂતી અને ટેક્નિકલ માપદંડોને ધ્યાનમાં રાખીને જ હોર્ડિંગ્સ સ્થાપિત કરવા. સાથે જ, જો વાવાઝોડા કે ભારે પવનના કારણે કોઈ હોર્ડિંગ પડી જાય અને જાનમાલને નુકસાન થાય, તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત એડ એજન્સીની રહેશે. મહાપાલિકાની આ કામગીરીથી શહેરના નાગરિકોમાં હાશકારો જોવા મળી રહ્યો છે. દર વર્ષે ચોમાસા દરમિયાન હોર્ડિંગ્સ પડવાની ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે આ વર્ષે થયેલી કડક ચકાસણીને લોકો સકારાત્મક પગલું માની રહ્યા છે.

## હોર્મુઝ-સ્ટ્રેટ 60 દિવસ માટે ફ્રી

# વિશ્વભરમાં હાશકારો અને યુદ્ધ સમાપ્ત-ડિલ સાઈન !

## અમેરિકા-ઈરાનના રાષ્ટ્રપતિએ હસ્તાક્ષર





**સિટી ન્યૂઝ@રાજકોટ**

અમેરિકા અને ઈરાને યુદ્ધ સમાપ્ત કરવા માટે તૈયાર કરાયેલા સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાની રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાનએ બુધવારે મોડી રાત્રે ડિજિટલ હસ્તાક્ષર કર્યા, જેની સાથે જ આ કરાર લાગુ થઈ ગયો. આ ડીલ સાથે સંકળાયેલા એક અમેરિકી અધિકારીએ બુધવારે રિપોર્ટરો સાથે થયેલી એક કોન્ફરન્સ કોલમાં ૧૪ મુદ્દાવાળી ડીલની સંપૂર્ણ જાણકારી આપી છે. તે મુજબ હોર્મુઝને ફક્ત ૬૦ દિવસ માટે મફત ખોલવાની વાત કહેવામાં આવી છે.

તેમજ, ઈરાને પરમાણુ હથિયારો ન બનાવવાનો ભરોસો આપ્યો છે. તેના બદલામાં ઈરાન માટે ૩૦૦ અબજ ડોલર (૨૮ લાખ કરોડ રૂપિયા) નું ફંડ બનાવવામાં આવશે. અધિકારીએ પોતાની ઓળખ ગુપ્ત રાખવાની શરતે આ જાણકારી આપી.

ટ્રમ્પે બુધવારે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથેની બેઠક દરમિયાન પેરિસના વર્સેલ્સ પેલેસમાં આ દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા.

## કરારના 14 મુખ્ય મુદ્દાઓ

- ૧. તમામ મોરચે સંઘર્ષ સમાપ્તઃ અમેરિકા, ઈરાન અને તેમના સહયોગી દેશો (લેબનાન સહિત) વચ્ચે તમામ મોરચે સૈન્ય કાર્યવાહી તાત્કાલિક અને કાયમી ધોરણે બંધ કરવામાં આવશે.
- ૨. આંતરિક મામલાઓમાં દખલ નહીંઃ બંને દેશો એકબીજાની આઝાદી, સીમાઓ અને સાર્વભૌમત્વનું સન્માન કરશે અને એકબીજાના આંતરિક મામલાઓમાં બિલકુલ દખલ નહીં આપે.
- ૩. ૬૦ દિવસમાં અંતિમ કરારઃ વધુમાં વધુ ૬૦ દિવસની અંદર અંતિમ કરાર પર વાતચીત પૂરી કરવા અને તેને લાગુ કરવાનું લક્ષ્ય નક્કી કરાયું છે.
- ૪. દરિયાઈ નાકાબંધી હટશેઃ અમેરિકા ૩૦ દિવસની અંદર ઈરાની બંદરો પર લગાવેલી નૌકાદળની નાકાબંધી હટાવી લેશે, જેથી ઈરાન ફરીથી તેલ અને અન્ય સામાનની નિકાસ કરી શકશે.
- ૫. હોર્મુઝ સ્ટ્રેટ ૬૦ દિવસ માટે ફ્રીઃ ઈરાન ૬૦ દિવસ સુધી ફારસની ખાડી અને ઓમાનની ખાડી વચ્ચે વેપારી જહાજોની સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરશે અને કોઈપણ પ્રકારનો વધારાનો ટેક્સ કે ફી લેશે નહીં.
- ૬. ૨૮ લાખ કરોડનું વળતરઃ અમેરિકા તેના સહયોગીઓ સાથે મળીને ઈરાનના પુનર્નિર્માણ અને વિકાસ માટે ઓછામાં ઓછા ૩૦૦ અબજ ડોલર (૨૮ લાખ કરોડ રૂપિયા) ની યોજના તૈયાર કરશે.
- ૭. આર્થિક પ્રતિબંધો હટશેઃ અંતિમ સમજૂતી બાદ અમેરિકા ઈરાન પર લાગેલા તમામ કડક આર્થિક પ્રતિબંધોને એક પછી એક હટાવશે.
- ૮. પરમાણુ હથિયાર નહીં બનાવેઃ ઈરાને ખાતરી આપી છે કે તે ક્યારેય પરમાણુ હથિયાર બનાવશે નહીં. તેની પાસે રહેલા અંદાજે ૧૧ ટન સંવર્ધિત યુરેનિયમને ઓછી ઘનતાવાળું (ડાઉન-બ્લેન્ડિંગ) બનાવવામાં આવશે.
- ૯. વર્તમાન સ્થિતિ યથાવત રહેશેઃ અંતિમ કરાર ન થાય ત્યાં સુધી બંને પક્ષો વર્તમાન સ્થિતિમાં કોઈ મોટો બદલાવ નહીં કરે. ઈરાન પોતાનો પરમાણુ કાર્યક્રમ વિસ્તારશે નહીં અને અમેરિકા નવા પ્રતિબંધો લગાવશે નહીં.
- ૧૦. નિકાસ પર છૂટઃ MoU પર હસ્તાક્ષર થતાં જ અમેરિકા ઈરાની ક્રૂડ ઓઈલ, પેટ્રોલિયમ ઉત્પાદનો અને અન્ય માલસામાનની નિકાસ પર રાહત આપવાનું શરૂ કરી દેશે.
- ૧૧. ફ્રીઝ થયેલી સંપત્તિઓ મુક્ત થશેઃ અમેરિકા ઈરાનના તે ભંડોળ અને સંપત્તિઓને મુક્ત કરશે જે અત્યાર સુધી વિવિધ પ્રતિબંધોને કારણે ફ્રીઝ થયેલી છે.
- ૧૨. સંયુક્ત દેખરેખ વ્યવસ્થાઃ બંને દેશો મળીને એક વિશેષ દેખરેખ વ્યવસ્થા બનાવશે, જે MoU ની તમામ શરતો અને પરમાણુ કાર્યક્રમ સંબંધિત વચનોનું પાલન થઈ રહ્યું છે કે નહીં તેની સ્વતંત્ર તપાસ કરશે.
- ૧૩. પરમાણુ કાર્યક્રમ મુખ્ય મુદ્દો રહેશેઃ આગામી રાઉન્ડની વાટાઘાટોમાં ઈરાનનો પરમાણુ કાર્યક્રમ, સમૃદ્ધ યુરેનિયમ અને નિરીક્ષણ વ્યવસ્થા સૌથી મોટો અને મહત્વનો વિષય રહેશે.
- ૧૪. UNSC ની મંજૂરી મળશેઃ અંતિમ કરાર થઈ ગયા બાદ તેને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) ના એક પ્રસ્તાવ દ્વારા મંજૂરી આપવામાં આવશે, જેથી આ કરારને આંતરરાષ્ટ્રીય કાનૂની માન્યતા મળશે.

## રાજકોટમાં કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેનું નિવેદન

# ખેડૂતોને વળતર મળવું જોઈએ હું અદાણી સાથે વાત કરીશ

## સફાઈ કર્મીઓની સીધી ભરતી કરવા માટે ભલામણ કરી



તસવીરઃ અક્ષય ગોંડલિયા

## મમતા બેનર્જીના 30 સાંસદો NDAમાં જોડાઈ શકે છેઃ મહારાષ્ટ્રમાં ઉધ્ધવ ઠાકરે માટે ધારાસભ્યો અને સાંસદો સંભાળી રાખવા પડકાર

**સિટી ન્યૂઝ@રાજકોટ**

કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલે આજે રાજકોટની મુલાકાતે આવી પહોંચ્યા હતા આ દરમિયાન તેઓએ જણાવ્યું હતું કે, દેશ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આગળ વધી રહ્યો છે આવતા દિવસોમાં મમતા બેનર્જીના ૨૦ જેટલા સાંસદ NDA સાથે જોડાઈ શકે છે આ જ રીતે DMKના સભ્યોને પણ મેં પોતે નિવેદન કર્યું છે કે તેઓ પણ NDA સાથે જોડાવવું જોઈએ. જ્યારે મહારાષ્ટ્રમાં પણ ઉધ્ધવ ઠાકરે માટે પોતાના ધારાસભ્ય અને સાંસદ સભ્ય સંભાળી રાખવા પડકાર બની ગયો છે. આગામી સમયમાં મહિલા આરક્ષણ બિલ બહુમત સાથે પાસ થશે જેથી ૨૦૨૯ લોકસભા ચૂંટણી પછી તમામ વિધાનસભાની ચૂંટણીમાં પણ મહિલા આરક્ષણ લાગુ થશે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ચાલી રહેલા ખેડૂત આંદોલન અંગે નિવેદન આપતા જણાવ્યું હતું કે, અદાણી મોટી કંપની છે



મોટો બિઝનેશ છે એમને ઘણા કામો મળતા હોય છે પણ દેશ અદાણીને આપી દેવામાં આવ્યો ના આક્ષેપ પાયા વિહોણા છે. ખેડૂતોના હિતમાં નિર્ણય કરવો જોઈએ તેમને વળતર મળવું જોઈએ એ મારુ માનવું છે. જો અદાણી કંપનીનું કામ હશે તો તેમની સાથે પણ ચર્ચા કરીશ અને જરૂર પડ્યે કેન્દ્રના સંલગ્ન મંત્રી સાથે આ મુદ્દે રજુઆત કરી ખેડૂતોને યોગ્ય વળતર મળે અને નુકશાન ન થાય તેવા ચોક્કસ પ્રયત્નો કરીશું.કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલે આજે રાજકોટની મુલાકાતે આવી પહોંચ્યા હતા. રાજકોટ આવ તેઓ દ્વારા કાલાવડ રોડ પર કણકોટ ગામ સ્થિત બુદ્ધ વિહારના લોકાર્પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ ઉપરાંત તેમને રાજકોટ મહાનગર પાલિકા અને રાજકોટ જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક યોજી શિડ્યુલ કાસ્ટ અને શિડ્યુલ ટ્રાયેબલના લોકો માટે જે અલગ અલગ યોજનાઓ છે તેનો વધુમાં વધુ લોકો લાભ મળે તે માટે આયોજન કરવા સૂચના આપવામાં આવી છે. રાજકોટ મહાનગર પાલિકામાં ૨૬૮૦ કાયમી સફાઈ કર્મી ઉપરાંત ૧૪૦૦ જેટલા કોન્ટ્રાક આધારિત સફાઈ કર્મી હોવાનું ધ્યાન પર આવતા શક્ય હોય તો સીધી ભરતી કરવા માટે ભલામણ કરવામાં આવી છે.આ ઉપરાંત તેમને જણાવ્યું હતું કે, આજે ભારત દેશની ઈકોનોમી ચોથા નંબરે પહોંચી ગઈ છે હાલ થોડી મોંઘવારી પણ વધી ગઈ છે એ પણ સ્વીકાર કરું છું જે મોંઘવારી વધી એ યુદ્ધના કારણે મોંઘવારી વધી છે અને એ આવતા થોડા સમયમાં ઘટી જશે, યુધ્ધ પૂર્ણ થઈ ગયું છે એ સારું છે એના કારણે મોંઘવારી આવતા દિવસોમાં ઘટી જશે એવું મારુ માનવું છે. પેટ્રોલ ડિઝલના ભાવ પણ ઘટવા જોઈએ એવું મારુ માનવું છે.

મહિલા આરક્ષણ બિલ અંગે જણાવ્યું હતું કે, હાલમાં મમતા બેનર્જીના ૨૦ જેટલા સાંસદ NDA સાથે જોડાઈ શકે તેવી શક્યતા છે. DMKને પણ મારુ નિવેદન છે કે એ લોકોએ NDA સાથે આવવું જોઈએ. જ્યારે મહારાષ્ટ્રમાં પણ ઉધ્ધવ ઠાકરે માટે પોતાના ધારાસભ્ય અને સાંસદ સભ્ય સંભાળી રાખવા પડકાર રૂપ બની ગયું છે. આ પછી મહિલા આરક્ષણ બિલ ચોક્કસ પાસ થઈ જશે અને ૨૦૨૯ લોકસભા પછી આવતી તમામ વિધાનસભા ચૂંટણીમાં આરક્ષણ લાગુ થશે. સંજય રાવતનો આક્ષેપ છે પૈસા નો એ તદ્દન ખોટો આરોપ છે પૈસાની કોઈ વાત નથી બધા પોતાના મનથી NDA સાથે જોડાઈ રહ્યા છે.

## દેશમાં સામાન્ય કરતા 38% ઓછો વરસાદ

# જન્માષ્ટમીથી નવરાત્રિ સુધી વરસાદ તાંડવ મચાવશે ? તહેવારોમાં ભીંજાશે ગુજરાત

## જૂલાઈમાં સામાન્ય 15 ઓગષ્ટથી ઓક્ટોબર સુધી વરસાદ ભૂક્કા બોલાવશેઃ 36 કલાક પછી ચોમાસુ ફરી ગતિ પકડી શકે છે

સિટી ન્યૂઝ@અમદાવાદ

ગુજરાતમાં સત્તાવાર ચોમાસું બેસવાની ૧૫ જૂન વિતી ચૂકી છે. ખેડૂતો વાવણીની તૈયારી કરીને બેઠા છે પણ વાવણી લાયક વરસાદની રાહ છે. ત્યારે હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામીએ આ વર્ષના ચોમાસાને લઈ મહત્વની આગાહી કરી છે. તેમના મતે આ વર્ષે સામાન્ય કરતા ઓછો વરસાદ પડશે અને ચોમાસું પણ મોડું બેસશે. પરંતુ, સાથે કહ્યું છે કે, લોકો અને ખેડૂતોએ ચિંતા કરવાની જરુર નથી. જૂન-જુલાઈમાં રાજ્ય દર વર્ષની માફક ઓછો વરસાદ થશે.

પરંતુ, ૧૫ ઓગસ્ટ બાદ વરસાદનો જે રાઉન્ડ આવશે તે આખા વર્ષનું ચિત્ર બદલી નાખશે. પરેશ ગોસ્વામીએ અલનીનોની ભારત અને ગુજરાત પર થનારી અસરને લઈ પણ મહત્વની વાત કરી હતી.ગુજરાતમાં સામાન્ય રીતે ૧૫ જૂન આસપાસ ચોમાસાની વિધિવત શરૂઆત થઈ જતી હોય છે. પરંતુ, આ વર્ષે મહારાષ્ટ્રના દક્ષિણ ભાગોથી ચોમાસું આગળ વધ્યું ન હોય હજી ગુજરાતમાં પ્રવેશ થયો નથી. હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીના જણાવ્યા અનુસાર, દક્ષિણ મહારાષ્ટ્ર સુધી પહોંચેલું નૈઋત્ય ચોમાસું હાલમાં નિષ્ક્રિય બન્યું છે. અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં કોઈ મજબૂત હવામાન પ્રણાલી સક્રિય ન હોવા અને પવનની વધુ ઝડપને કારણે ચોમાસાની આગળ વધવાની પ્રક્રિયા અટકી ગઈ છે. તેમણે જણાવ્યું કે આગામી ૨૪થી ૩૬ કલાકમાં ચોમાસું ફરી ગતિ પકડી શકે છે અને ધીમે ધીમે ગુજરાત તરફ આગળ વધશે. આ દરમિયાન રાજ્યમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટી શરૂ થઈ ગઈ છે. સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારો તેમજ દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં




છૂટાછવાયા વરસાદ નોંધાયા છે. જોકે આ વરસાદ ખેતી માટે વાવણીલાયક નહીં હોય અને તેની તીવ્રતા સામાન્ય રહેવાની શક્યતા છે. પરેશ ગોસ્વામીએ ગુજરાત માટે વરસાદના ત્રણ રાઉન્ડની આગાહી કરી છે. પ્રથમ હળવો રાઉન્ડ હાલમાં ચાલી રહ્યો છે. બીજો રાઉન્ડ ૨૨થી ૨૫ જૂન દરમિયાન સક્રિય બનશે, જે દરમિયાન રાજ્યમાં વિધિવત ચોમાસાની શરૂઆત થવાની સંભાવના છે. ત્યારબાદ ૨૮ જૂનથી ૩ જુલાઈ સુધીનો ત્રીજો રાઉન્ડ ખૂબ જ મજબૂત સાબિત થઈ શકે છે. પરેશ ગોસ્વામીના અનુમાન મુજબ આ વર્ષે ગુજરાતમાં ચોમાસું નબળું નહીં રહે, પરંતુ છેલ્લા ત્રણ ચાર વર્ષની સરખામણીએ વરસાદમાં ૧૫થી ૨૦ ટકા જેટલો ઘટાડો થઈ શકે છે. રાજ્યમાં સરેરાશ ૯૦થી ૯૩ ટકા જેટલો વરસાદ નોંધાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. અલનીનો અંગે વાત કરતાં તેમણે જણાવ્યું કે હાલમાં અલનીનોનો પ્રભાવ ભારતના ચોમાસા પર ગંભીર રીતે જોવા મળતો નથી, પરંતુ આગામી મહિનાઓમાં તે મજબૂત બનવાની સંભાવના છે. વૈશ્વિક સ્તરે સુપર અલનીનોની ચર્ચા ચાલી રહી છે, જે હવામાન પર વ્યાપક અસર કરી શકે છે.

## 14 જિલ્લામાં યલો એલર્ટ જારી

# ગોંડલ, જામનગર, અમરેલીમાં વરસાદ શરૂ

## બનાસકાંઠામાં વીજ તાર પડતા પિતા-પુત્રના મોત



સિટી ન્યૂઝ@અમદાવાદ

ગુજરાતમાં કાળઝાળ ગરમી અને અસહ્ય ઉકળાટ વચ્ચે પ્રિ-મોનસૂન એક્ટિવિટીનો ધમાકેદાર પ્રારંભ થયો છે. ૧૭ જૂનના રોજ રાજ્યના બનાસકાંઠા, મહીસાગર, દાહોદ, નવસારી, છોટાઉદેપુર, આણંદ, ગોધરા, અરવલ્લી સહિત અનેક વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા અને પવન સાથે ધોધમાર વરસાદ નોંધાયો છે. અમદાવાદમાં પણ રાત્રિના વરસાદી માહોલ છવાયો હતો અને સામાન્ય છાંટા વરસ્યા હતાં.આજે વહેલી સવારથી ગોંડલ, જામનગર, અમરેલી, વડોદરા, બનાસકાંઠા સહિતના વિસ્તારમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાયા બાદ અચાનક વરસાદ શરૂ થતાં લોકોને છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી અસહ્ય ગરમી અને બફારાથી રાહત મળી છે.

બીજી તરફ બનાસકાંઠાના વડગામ તાલુકાના સકલાણા ગામેથી દુખદ ઘટના સામે આવી છે. ગત રાત્રે ખેતરમાં જઈ રહેલા પિતા-પુત્ર પર વીજળીનો તાર પડતાં ઘટનાસ્થળે જ બંનેના મોત નીપજ્યા હતા.હાલમાં પવન અને વાદળછાયા વાતાવરણના કારણે રાજ્યના તાપમાનમાં ૨ ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાતાં લોકોને ગરમીથી થોડી રાહત મળી છે.

### ચેન્નઈમાં રોટરી ક્લબે 'મોબાઈલ સ્મશાન' ફરતી સ્મશાન વાહિની શરૂ કરી

# હવે સ્મશાન નહીં જવું પડે અંતિમ સંસ્કાર ઘર આંગણે

## આ વાહનમાં એલપીજી ગેસ, જનરેટર અને લાઉડસ્પીકર સહિતની જરૂરી તમામ સુવિધાઓથી સંપૂર્ણપણે સજ્જ







**મોબાઈલ સ્મશાન સીધુ જ પરિવારના ઘર પાસે કે ગામથી નજીક કોઈ ખાલી જગ્યાએ પહોંચી વિધિ પૂર્ણ કરી ત્યારબાદ અસ્થિ સીધા પરિવારને સોંપી દેવામાં આવે છે**




**સિટી ન્યૂઝ@ચેન્નાઈ**

વરસાદની સિઝન હોય કે પહાડી વિસ્તાર, સ્વજનોની અંતિમ વિદાય માટે સ્મશાન સુધી પહોંચવું ઘણીવાર મોટો પડકાર બની જતો હોય છે. ભૌગોલિક સ્થિતિ અને ખરાબ હવામાન આ કપરા સમયને વધુ મુશ્કેલ બનાવે છે.

આ મુશ્કેલીનો એક ખૂબ જ વ્યવહારુ ઉકેલ ચેન્નઈ નજીક આવેલા ઈરોડમાં જોવા મળ્યો છે. અહીં રોટરી ક્લબ દ્વારા 'મોબાઈલ સ્મશાન' એટલે કે ફરતી સ્મશાનવાહિની શરૂ કરવામાં આવી છે. આ કોઈ સામાન્ય એમ્બ્યુલન્સ નથી. આ વાહન એલપીજી ગેસ જનરેટર અને લાઉડસ્પીકર સહિતની જરૂરી તમામ સુવિધાઓથી સંપૂર્ણપણે સજ્જ છે.તે સીધું જ પરિવારના ઘર પાસે કે ગામની નજીકની કોઈ ખાલી જગ્યાએ પહોંચી જાય છે. માત્ર એક જ કલાકની અંદર સંપૂર્ણ વિધિ આદરપૂર્વક પૂરી કરવામાં આવે છે. ત્યારબાદ અસ્થિ સીધા પરિવારને સોંપી દેવામાં આવે છે. આખી પ્રક્રિયાનો ચાર્જ ૫૦૦૦ રૂપિયા રાખવામાં આવ્યો છે. ગરીબ પરિવારો અને ગામડાના લોકો માટે આ સેવા ખૂબ મોટી રાહત બની છે.


શરૂઆતમાં માંડ એકાદ કોલ આવતા, પણ હવે રોજની ચારથી પાંચ અંતિમ ક્રિયાઓ આ રીતે થઈ રહી છે. પોતાના જ પ્રાંગણમાં સ્વજનને અંતિમ વિદાય આપી શકવાથી લોકોને આ દુખદ સમયમાં પણ એક માનસિક શાંતિ મળી રહી છે.

# અત્યાર સુધીમાં NEETના 14 વિદ્યાર્થીઓની આત્મહત્યા

## કોચંબતૂરની ઘટના

## 'ફરી પરીક્ષા આપતા ડર લાગે છે' લખી આપઘાત કર્યો

### 19 વર્ષની અનુકીર્તનાએ આત્મહત્યા કરી



### મારા પિતાએ મારા પર ઘણા પૈસા ખર્ચ કર્યા હું તેમનો સામનો કેવી રીતે કરીશ

**સિટી ન્યૂઝ@તમિલનાડુ**

તમિલનાડુના કોઈમ્બતૂરમાં NEETની તૈયારી કરી રહેલી ૧૯ વર્ષીય અનુકીર્તનાએ બુધવારે આત્મહત્યા કરી લીધી. આત્મહત્યા કરતા પહેલા તેણે પોતાના સંબંધીને વોટ્સએપ પર લખ્યું કે મને ફરીથી પરીક્ષા આપતા ડર લાગી રહ્યો છે. મારા પિતાએ મારા પર ઘણા પૈસા ખર્ચ કર્યા છે. હું તેમનો સામનો કેવી રીતે કરી શકીશ.

તેણે વધુમાં લખ્યું કે હું મેડિકલ કોલેજમાં પ્રવેશની રાહ જોઈ રહી હતી, પરંતુ પરીક્ષા રદ થઈ ગઈ. અનુકીર્તના કોવઈપુદુરના પાર્ક ટાઉનની રહેવાસી હતી. તેના પિતા ટ્રેડ યુનિયનના જિલ્લા સચિવ છે. પરિવારમાં તેમની બે દીકરીઓ છે અને અનુકીર્તના મોટી દીકરી હતી.

પરિવારજનોએ પોસ્ટમોર્ટમ બાદ અનુકીર્તનાનો મૃતદેહ લેવાનો ઇનકાર કર્યો અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી. બાદમાં અધિકારીઓ સાથે વાતચીત કર્યા પછી બુધવારે રાત્રે તેમણે મૃતદેહ સ્વીકારી લીધો હતો.

છેલ્લા બે દિવસમાં NEETના વિદ્યાર્થીની આત્મહત્યા કરવાનો આ ત્રીજો કિસ્સો છે. આ પહેલા ૧૬ જૂને દેહરાદૂન ખાતે રિયા થાપા નામની ૨૩ વર્ષીય વિદ્યાર્થિનીએ આત્મહત્યા કરી હતી. ૧૨ મેના રોજ NEET પરીક્ષા યોજાઈ ત્યારથી, દેશભરમાં અત્યાર સુધીમાં અંદાજે ૧૪ વિદ્યાર્થીઓએ જીવ આપ્યા છે.

## અમદાવાદની ઘટના

## NEETની પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીએ ફ્લેટના છઠ્ઠા માળેથી છલાંગ મારી

### નીચે પડતા મોતઃ લોકોમાં ભારે રોષ ભભુકયો



**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદના ન્યૂ રાણીપ વિસ્તારમાં ગઇકાલે(૧૭ જૂન) મોડી રાત્રે અઢી વાગ્યાની આસપાસ ૧૭ વર્ષના વિદ્યાર્થીએ આત્મહત્યા કરી છે. કહાન પટેલે એરિસ્ટો આનંદમ ફ્લેટના B બ્લોકમાં છઠ્ઠા માળેથી બેડરૂમની બાલ્કનીની જાળી કાપી મોતની છલાંગ લગાવી હતી. વિદ્યાર્થી નીચે પડતા સિક્યુરિટી ગાર્ડને જાણ થઈ અને તેને અન્ય લોકોને જાણ કરી હતી. બનાવમાં વિદ્યાર્થીનું ઘટનાસ્થળે જ મોત થયું છે. હાલ મૃતદેહને પીએમ માટે સિવિલ મોકલવામાં આવ્યો છે.પોલીસ તપાસમાં મૃતક વિદ્યાર્થી NEETની પરીક્ષાની તૈયારી કરતો હોવાનું સામે આવ્યું છે. મૃતકે NEETના વિકલ્પ તરીકે ફાર્મસીનું ફોર્મ પણ ભર્યું હતું. કયા કારણથી આત્મહત્યા કરી તે હજુ સુધી સામે આવ્યું નથી. બનાવની જાણ થતા સાબરમતી પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે. ૧૪ માળના ફ્લેટ છે જેના છઠ્ઠા માળેથી કૂદીને આપઘાત કર્યો હતો. વિદ્યાર્થી નીચે પડ્યો ત્યારે તેનો શ્વાસ ચાલતો હતો, પરંતુ એમ્બ્યુલન્સ આવી ત્યાં સુધી મોત થઈ ચૂક્યું હતું. મૃતદેહ પાસેથી વિદ્યાર્થીના ચશ્મા મળી આવ્યા હતા જે હજુ પણ ત્યાં જ છે. ફ્લેટમાં માતા અને બે બાળકો જ રહેતા હતા. મૃતકના પિતા સુરતમાં રહે છે. ACP ડી.વી.રાણાએ જણાવ્યું કે મૃતક બાળક તેની માતા અને ૧૩ વર્ષના ભાઈ સાથે ફ્લેટમાં રહેતો હતો. બાળકના માતા-પિતા ૩ વર્ષથી અલગ રહે છે. બાળકના પિતા સુરતમાં ક્રિમીનલ વકીલ છે. બાળક ભૂયંગદેવ નેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતો હતો. વર્ષ ૨૦૨૫માં ધોરણ ૧૨ની પરીક્ષામાં ૮૫ ટકા આવ્યા હતા. આ વર્ષે NEETની પરીક્ષા આપી તેમાં સારું પરિણામ આવ્યું હતું. જોકે ફરીથી NEETની પરીક્ષા આપવા પણ મહેનત કરતો હતો. બાળક ખાનગી કોચિંગ ક્લાસમાં જતો હતો, જ્યાં સોશિયલ મીડિયાથી દૂર રહેવા મોબાઈલ ત્યાં જ રાખવામાં આવતો હતો. હાલ એક લેપટોપ મળી આવ્યું છે જે કબજે કરવામાં આવ્યું છે.

# દેશની શિક્ષણ પ્રણાલી બાળકોને સ્ટ્રેસ આપે છે!

## રાહુલ ગાંધીએ કહ્યું અમારી લડાઈ આજથી ચાલુ

## વિદ્યાર્થી આત્મહત્યા કરે છે તે દેશના ભવિષ્ય માટે યોગ્ય નહીં



સિટી ન્યૂઝ@નવીદિલ્હી

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કોટાના દશેરા મેદાનમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો. કાર્યક્રમ છાત્રો કી ગૂંજમાં રાહુલે કહ્યું- આ કાર્યક્રમ કોઈ રાજકારણનો કાર્યક્રમ નથી, આ યુવાનો, વિદ્યાર્થીઓનો અવાજ ઉઠાવવા માટેનું મંચ છે. આજે ફક્ત વિદ્યાર્થીઓ અને યુવાનોની વાત થશે.રાહુલ ગાંધીએ શિક્ષણ વ્યવસ્થા પર આકરા પ્રહાર કરતા કહ્યું- હિન્દુસ્તાનની શિક્ષણ પ્રણાલી પોતાના બાળકોને પ્રેશરાઈઝ કરે છે. આ તેમને સ્ટ્રેસ આપે છે. આ બાળકોને દબાવે છે અને કચડે છે, જે દેશના ભવિષ્ય માટે બિલકુલ યોગ્ય નથી. હું ઈચ્છું છું કે આપણે બધા મળીને તેની સામે લડીએ, જેથી ભવિષ્યમાં કોઈ પણ બાળકને (આત્મહત્યા જેવું) આવું આત્મઘાતી પગલું ન ભરવું પડે.રાહુલ ગાંધીએ કહ્યું- દેશના યુવાનો પાસે શિક્ષણમાં ફક્ત પાંચ જ વિકલ્પો શા માટે છે? દરેક વ્યક્તિ ડોક્ટર કે એન્જિનિયર જ શા માટે બનવા માંગે છે, જ્યારે બીજા ઘણા કરિયર વિકલ્પો ઉપલબ્ધ છે.

રાહુલ ગાંધીએ એક વિદ્યાર્થીનીનો સુસાઈડ નોટ પણ બતાવી અને કહ્યું- આ આકાંક્ષાની નિષ્ફળતા નથી, પરંતુ આ આપણી શિક્ષણ પ્રણાલીની નિષ્ફળતા છે.

આ પહેલાં, રાહુલ ગાંધી બુધવારે બપોરે ૩:30 વાગ્યે ચાર્ટર પ્લેનથી કોટા પહોંચ્યા. એરપોર્ટ પર પ્રદેશાધ્યક્ષ ગોવિંદ સિંહ ડોટાસરા, વિરોધ પક્ષના નેતા ટીકારામ જૂલી, પૂર્વ સીએમ અશોક ગેહલોત, સચિન પાયલટ સહિત કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ તેમનું સ્વાગત કર્યું.રાહુલ ગાંધીના સ્વાગત માટે મોટી સંખ્યામાં કાર્યકરો પણ એરપોર્ટ પહોંચ્યા હતા.

## પ્રિયંકા ગાંધીનો આરોપ

## NEETના વિદ્યાર્થીઓ પાસેથી 1.32 લાખ કરોડ વસૂલ્યા;

## ઉદ્યોગપતિઓની 16 લાખ કરોડની લોન માફ



સિટી ન્યૂઝ@નવીદિલ્હી

કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ દાવો કર્યો કે દર વર્ષે NEET પરીક્ષા આપતા ૨૨ લાખ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો પાસેથી વ્યવસ્થા દ્વારા ૧.૩૨ લાખ કરોડ ખર્ચ કરાવવામાં આવે છે. આ રકમ દેશના સમગ્ર શિક્ષણ બજેટ ૧.૪૦ લાખ કરોડની લગભગ બરાબર છે. પ્રિયંકા ગાંધીએ બુધવારે રાત્રે X પોસ્ટમાં એ પણ લખ્યું કે - હું એક વાત વધુ ઉમેરવા માંગુ છું કે ભારત સરકારે પોતાના માનીતા ઉદ્યોગપતિઓની જે લોન માફ કરી, તે ૧૬ લાખ કરોડ રૂપિયા છે.પ્રિયંકાની આ ટિપ્પણી રાહુલ ગાંધીના કોટા પ્રવાસ પછી આવી. રાહુલે બુધવારે છાત્રો કી ગૂંજ કાર્યક્રમ હેઠળ વિદ્યાર્થીઓ સાથેની વાતચીતમાં શિક્ષણ વ્યવસ્થામાં વધતા દબાણો પર ચર્ચા કરી હતી.

આ તરફ, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ NEET રી-એક્ઝામના એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવાની પ્રક્રિયામાં ફેરફાર કર્યો છે. હવે ઉમેદવારો બેંક ખાતાનું વેરિફિકેશન પૂર્ણ કર્યા વિના પણ પોતાનું એડમિટ કાર્ડ ડાઉનલોડ કરી શકશે. રાહુલ ગાંધીએ ૧૭ જૂને કોટાના દશેરા મેદાનમાં છાત્રો કી ગુંજ કાર્યક્રમમાં સેંકડો વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી. તેમણે કહ્યું કે હિન્દુસ્તાનની શિક્ષણ વ્યવસ્થા પોતાના બાળકો પર દબાણ કરે છે. આ તેમને તણાવ આપે છે. હું ઈચ્છું છું કે આપણે બધા મળીને તેની સામે લડીએ, જેથી ભવિષ્યમાં કોઈ પણ બાળકને આવું (આત્મહત્યા જેવું) આત્મઘાતી પગલું ન ભરવું પડે.



# મમ્મી બન્યા પછી કિઆરા અડવાણી ફરી બની સુપરહીટ



મમ્મી બન્યાના થોડા જ મહિનામાં કિઆરા અડવાણીએ પોતાના પ્રેગ્નન્સી દરમ્યાન વધેલા વજનને ઘણું ઓછું કરી દીધું છે. તાજેતરમાં કિઆરાએ પોતાના ફિટ અને સ્લિમ ફિગર સાથે રૅમ્પ-વૉક કરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. રૅમ્પ પર કિઆરાની સાથે કરણ જોહર પણ જોવા મળ્યો હતો. હકીકતમાં કિઆરાએ ફૅશન-ડિઝાઇનર રાહુલ મિશ્રા માટે રૅમ્પ-વૉક કર્યું હતું અને તેના ફૅશન-શોની શોસ્ટૉપર બની હતી. આ વૉક દરમ્યાન કિઆરાનો ઑફ-શોલ્ડર ગાઉન લુક ખૂબ જ આકર્ષક લાગી રહ્યો હતો. તેના આ ગ્લૅમરસ અંદાજને જોઈને ઘણા લોકોએ તેની સરખામણી બાર્બી ડૉલ સાથે કરી હતી.



# કોકટેલ-2ને મળ્યું એડલ્ટ ફિલ્મનું સર્ટીફિકેટ

શાહિદ કપૂર, ક્રિતી સૅનન અને રશ્મિકા મંદાના અભિનીત 'કૉકટેલ ૨' ૧૯ જૂને રિલીઝ થવાની છે. આ ફિલ્મની રિલીઝને ગણતરીના દિવસોની જ વાર છે ત્યારે એને સેન્ટ્રલ બોર્ડ ઑફ ફિલ્મ સર્ટિફિકેશન તરફથી લીલી ઝંડી મળી ગઈ છે. શાહિદ કપૂરની આ ફિલ્મને સેન્સર બોર્ડે A સર્ટિફિકેટ આપ્યું છે. આ સાથે જ 'કૉકટેલ ૨' ક્રિતીની ૧૨ વર્ષની કરીઅરની પ્રથમ ઍડલ્ટ-રેટેડ ફિલ્મ બનવા જઈ રહી છે. આ ફિલ્મ ૧૫૦ મિનિટ લાંબી હશે. 'કૉકટેલ ૨' ૨૦૧૨માં રિલીઝ થયેલી ફિલ્મ 'કૉકટેલ'ની સીક્વલ છે. ૨૦૧૨માં રિલીઝ થયેલી 'કૉકટેલ'માં સૈફ અલી ખાન, દીપિકા પાદુકોણ અને ડાયના પેન્ટી મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યાં હતાં અને ડાયનાએ આ જ ફિલ્મથી બૉલીવુડમાં ડેબ્યુ કર્યું હતું.

## કરીના કપૂરનો અલગ અંદાઝ

# 42 હજારનો ડ્રેસ 92 હજારના સૅન્ડલ્સ



આમિર ખાનના પ્રોડક્શન-હાઉસે નિર્માણ કરેલી ફિલ્મ 'લગાન'ની રિલીઝને ગઈ કાલે ૨૫ વર્ષ પૂર્ણ થયાં છે. આ પ્રસંગનું સેલિબ્રેશન કરવા માટે આમિર ખાન અને ડિરેક્ટર આશુતોષ ગોવારીકરે શનિવારે ફિલ્મના એક સ્પેશ્યલ સ્ક્રીનિંગનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે કરીના કપૂર ખાન ખૂબ જ ગ્લૅમરસ અંદાજમાં જોવા મળી હતી અને તેના આકર્ષક ગુલાબી ડ્રેસે બધાનું ધ્યાન ખેંચ્યું હતું. બનારસી સિલ્કના અંદાજે ૪૧,૯૭૫ રૂપિયાની કિંમત ધરાવતા આ ડ્રેસની ડિઝાઇન પ્રસિદ્ધ ચિત્રકાર અમૃતા શેરગિલની કલાત્મક કૃતિઓથી પ્રેરિત હતી. કરીનાએ આ લુક સાથે એક લક્ઝરી બ્રૅન્ડની સૅટિન હીલ્સ પસંદ કરી હતી. આ નકશીદાર સૅન્ડલ્સની કિંમત અંદાજે ૯૨ હજાર રૂપિયા હોવાનું કહેવાય છે. હાથથી તૈયાર કરાયેલાં આ સૅન્ડલ્સે તેના સમગ્ર લુકમાં વધુ ગ્લૅમર ઉમેર્યું હતું. આ એક જોડી સૅન્ડલ લગભગ 30 ભાગોને કારીગરો દ્વારા હાથથી જોડીને બનાવવામાં આવે છે.



# પૈસા ફેંકો ઓરી તમારો એક રીલના 76 લાખ લે છે !

સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર ઓરી, જેનું સાચું નામ ઓરહાન અવત્રામણી છે, લાંબા સમયથી તેની કમાણી અને પ્રોફેશનને લઈને ચર્ચામાં રહે છે. હવે તેણે પોતે આ વાતનો ખુલાસો કર્યો છે કે તે પૈસા કેવી રીતે કમાય છે. એક પોડકાસ્ટમાં ઓરીએ જણાવ્યું કે બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ અને સ્પોન્સર્ડ કન્ટેન્ટ તેની કમાણીનો મોટો હિસ્સો છે. એક રીલ માટે ૭૬ લાખ રૂપિયા સુધી તે પેમેન્ટ લે છે. ઉપરાંત, ઓરી પ્રાઈવેટ ઈવેન્ટ્સમાં હાજરી આપવા માટે પણ મોટી ફી વસૂલે છે.  ઈવેન્ટ્સમાં સામેલ થવા માટે તે ૧૫ લાખથી લઈને ૨૫ લાખ રૂપિયા સુધીની ફી ચાર્જ કરે છે. તેણે તેને 'ખરીદી શકાય તેવા અનુભવ' તરીકે વ્યાખ્યાયિત કર્યો.

# હિમાચલ પ્રદેશમાં બોલેરો ખીણમાં ખાબકી 7નાં મોત

**સિટી ન્યૂઝ@દહેરાદૂન**



હિમાચલ પ્રદેશના ચંબા-મસરુંડ માર્ગ પર અકસ્માતમાં સાત લોકોના મોત થયા છે. તેમાં મેહલ ગામના એક જ પરિવારના છ લોકોનો સમાવેશ થાય છે, જ્યારે સાતમો મૃતક ડ્રાઈવર હતો. પોલીસે તમામ મૃતદેહોને ખીણમાંથી બહાર કાઢીને આગળની કાર્યવાહી શરૂ કરી દીધી છે.

માહિતી અનુસાર, ગાડીમાં સવાર તમામ લોકો કાકડ્રોથા ગામથી મુંડન સંસ્કારમાં સામેલ થઈને બુધવારે રાત્રે ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન તેમની બોલેરો HP-૦૧C-૨૫૮૧ નંબરની ગાડી અનિયંત્રિત થઈને ખીણમાં ખાબકી હતી. જણાવવામાં આવી રહ્યું છે કે ગાડી રસ્તા પરથી લગભગ ૧૨૦૦ ફૂટ નીચે પડી હતી. જેના કારણે ગાડીના ફુરચા ઉડી ગયા હતા.

આ અકસ્માતમાં મેહલ ગામના ચુની લાલ (૬૫) પુત્ર પરસ રામ, દેવી લાલ (૬૨) પુત્ર પરસ રામ, બબલી દેવી (૪૫) પત્ની મોતી રામ, મોતી રામ (૪૫) પુત્ર પરસ રામ, અનિતા કુમારી (૨૦) પુત્રી ધર્મસિંહ, કુંતા દેવી (૫૩) પત્ની કર્મ સિંહ અને ધરો ગામના મનોહર લાલ (૩૪) નું મૃત્યુ થયું. બે સગા ભાઈઓ અને પતિ-પત્ની પણ સામેલ છે. મધરાતે થયેલા અકસ્માતને કારણે કોઈને તેની જાણ થઈ નહીં. સવારના સમયે પોલીસને જાણકારી મળી. ત્યારબાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને રાહત તથા બચાવ કાર્યમાં લાગી ગઈ. પરંતુ ત્યાં સુધીમાં તમામ લોકોના મોત થઈ ચૂક્યા હતા. પોલીસે તમામ મૃતદેહોને ખીણમાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલી આપ્યા છે. પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહો પરિવારજનોને સોંપવામાં આવશે.



# શિર્ડીના સાંઈબાબા મંદિરમાં 1 વર્ષમાં ભાવિકોએ 638 કરોડનું દાન કર્યુ



**સિટી ન્યૂઝ@શિર્ડી**

શિર્ડીમાં લાખોની સંખ્યામાં ભાવિકો દેશ-વિદેશથી દર્શન માટે આવતા હોય છે. અનેક ભાવિકો સોના-ચાંદી અને મૂલ્યવાન વસ્તુઓ પણ દાનમાં આપતાં હોય છે. શ્રી સાંઈબાબા સંસ્થાન ટ્રસ્ટ શિર્ડીનો ૨૦૨૫-૨૬નો વાર્ષિક આવક-જાવકનો રિપોર્ટ સામે આવ્યો છે જેમાં ટ્રસ્ટની કુલ આવક ૬૪૮ કરોડ હોવાનું જણાવ્યું છે. જોકે ૨૦૨૪-'૨૫ કરતાં ઓછું દાન મળ્યું હોવાનું રિપોર્ટમાં સામે આવ્યું છે.

### શ્રી સાંઈબાબા સંસ્થાની કુલ આવક

- ૨૦૨૫-૨૦૨૬માં ૬૩૮ કરોડ
- ૨૦૨૪-૨૦૨૫માં ૬૪૮ કરોડ
- સોના-ચાંદીનું દાન
- ૨૦૨૫-૨૦૨૬ ૧૯ કરોડ
- (૧૬ કિલો સોનું, ૧૯૭ કિલો ચાંદી)
- ૨૦૨૪-૨૦૨૫ ૧૩.૯૫ કરોડ
- સર્વિસ હૉસ્પિટલ અને અન્ય મકાનો માટે ૧૫ કરોડનું દાન આપવામાં આવ્યું છે.
- કુલ FD - ૩૬૦૩ કરોડ રૂપિયા
- કુલ સોનું વજન - ૫૫૦ કિલો
- કુલ ચાંદી - ૭૦૩૦ કિલો

# મથુરા મંદિરમાં પણ દાન રકમ ગૂમ?

**સિટી ન્યૂઝ@મથુરા**



**CBI તપાસની માંગણી**

અયોધ્યાના રામ મંદિરમાં કથિત દાન-કૌભાંડમાં તપાસ કરવા માટે સ્પેશ્યલ ઇન્વેસ્ટિગેશન ટીમનું ગઠન કરવામાં આવ્યું છે ત્યારે શ્રીકૃષ્ણ જન્મભૂમિ સંઘર્ષ ન્યાસના પ્રમુખ દિનેશ ફલાહારી મહારાજે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથને લોહીથી પત્ર લખીને મથુરા મંદિરમાં કરોડો રૂપિયાના દાન કૌભાંડની તપાસ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન દ્વારા કરાવવાની માગણી કરી હતી. મંદિરની દાનપેટીઓ ખોલતી વખતે CCTV કૅમેરા બંધ કરી દેવામાં આવે છે. દિનેશ ફલાહારી મહારાજે આરોપ લગાવ્યો છે કે 'અમને ડર છે કે શ્રીકૃષ્ણ જન્મસ્થાનમાં અયોધ્યા જેવી જ ગેરરીતિઓ થઈ રહી છે. ભક્તો દ્વારા ચડાવવામાં આવેલા દાનની રકમ અને ઘરેણાંની વર્ષોથી ઉચાપત થઈ રહી છે. દાનની ગણતરી દરમ્યાન CCTV કૅમેરા બંધ કરવામાં આવે છે. સમિતિના સભ્યોએ વ્યક્તિગત સંપત્તિ એકઠી કરી છે, જેનાથી ભક્તોની ભાવનાઓને ઠેસ પહોંચી છે. આ મામલે CBI દ્વારા તપાસ થવી જોઈએ. જો મારી માગણી સ્વીકારવામાં નહીં આવે તો હું પ્રયાગરાજ હાઈ કોર્ટનો સંપર્ક કરીશ. શ્રીકૃષ્ણ જન્મસ્થાન સેવા સંસ્થાનના સેક્રેટરી કપિલ શર્માએ આ આરોપોને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે 'આ આરોપો પાયાવિહોણા છે. મંદિર દાન સંભાળવા માટે પારદર્શક પ્રણાલીનું પાલન કરે છે અને અમે કોઈ પણ તપાસ માટે તૈયાર છીએ. દાનની ગણતરીની પ્રક્રિયા CCTV કૅમેરાની દેખરેખ હેઠળ ૩ કર્મચારીઓની હાજરીમાં કરવામાં આવે છે અને રેકૉર્ડિંગ્સ સાચવવામાં આવે છે. અમે સિસ્ટમને વધુ અપગ્રેડ કરી રહ્યા છીએ અને લાંબા સમય સુધી CCTV કૅમેરાનું રેકૉર્ડિંગ્સ રાખીશું. મંદિરના પરિસરની બહાર કોઈ દાન-કાઉન્ટર નથી અને તમામ દાન મંદિર સંકુલની અંદર પ્રાપ્ત કરવામાં આવે છે.



સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
તમારી સમસ્યા હવે છુપાશે નહીં!
તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક
લાઈટ બંધ રહે છે?
ગંદુ પાણી આવે છે?
રસ્તા તૂટેલા છે?
ગંદકી અને સફાઈની સમસ્યા છે?
હવે સીધી ફરિયાદ કરો –
"સિટી ન્યૂઝ રાજકોટ" સુધી!
તમારી સમસ્યાનો ફોટો / વિડિયો મોકલો
અમે તેને સંબંધિત અધિકારીઓ સુધી પહોંચાડશું
ચૂંટણી હોય કે ન હોય –
"સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!
WhatsApp કરો:
+91 81409 88883
રાજકોટ
સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે
આપનો સહકાર જરૂરી

# ગોવિંદ ચુપચાપ હતો, કારણ હવે ગોપાલ-સલીમ પાલનપુર જેલમાં રહેશે નહીં તેની તેને ખબર હતી

સજાના હુકમ પછી પોલીસ ગોપાલ અને સલીમને પાલનપુર જેલમાં પાછી લઈ આવી. ગોપાલ અને સલીમ જેલ પર પાછા આવ્યા એ પહેલાં ગોવિંદને સમાચાર મળી ગયા હતા કે, કોર્ટે સજાનો હુકમ કર્યો છે. સવારે જ્યારે ગોપાલ અને સલીમ કોર્ટમાં જવા નીકળ્યા; ત્યારે ગોવિંદે મનોમન પ્રાર્થના કરી હતી કે, હે ભગવાન અમને નિર્દોષ છોડી દેવાનો હુકમ થાય એવું કરજે. જેલમાં રોજ કોઈને કોઈ છૂટી જાય અને કોઈને સજાનો હુકમ પણ થાય. એમાં કોઈ નવી વીત નહોતી. ગોવિંદને તેનો કોઈ ફેર પડતો નહોતો. પણ ખબર નહીં કેમ, તેને ગોપાલ માટે એક પ્રકારની લાગણી થઈ ગઈ હતી. ગોપાલ છૂટી જાય તો ગોવિંદને આનંદ થવાનો હતો, પણ ગોપાલ હવે જેલમાં તેની સાથે રહેશે નહીં તેનો રંજ પણ હતો.

ગોપાલ અને સલીમ જેલમાં દાખલ થયા ત્યારે ગોવિંદ તેમને સામે મળ્યો, પણ જાણે તેણે તેમનો ચહેરો જોયો જ નથી તેવો ડોળ કર્યો. ગોપાલને લાગ્યું કે, તે ગોવિંદને વળગીને રડી પડે. પણ ગોવિંદે તેની સામે જોયું જ નહીં એટલે ગોપાલ તેવું કરી શક્યો નહીં. ગોપાલ અને સલીમ પોતાની બેરેકમાં આવ્યા. તેમનો ચહેરો જોઈ બેરેકમાં રહેલા કેદીઓ સમજી ગયા કે, સજાનો હુકમ થયો છે. કોઈ તેમની પાસે આવ્યું નહીં. થોડીવાર પછી એક કેદી સલીમ પાસે આવ્યો તેણે પૂછ્યું, "કેટલી પડી?" સલીમને જેલની આ ભાષાનો અનુભવ હતો. તેણે કહ્યું, "દસની."

પેલા કેદીએ દયાની નજરે ગોપાલ સામે જોયું. સામાન્ય માણસ સંવાદ કરે તો પૂછે કે, કેટલા વર્ષની સજા થઈ? જવાબ મળે, દસ વર્ષની. પણ જેલની પોતાની એક ભાષા હોય છે. વાત કરનાર અને સાંભળનાર બંને સમજી જતા હોય છે. સલીમ ડિસ્ટર્બ નહોતો તેવું નહોતું, બસ તેને અફસોસ એક જ વાતનો હતો કે, ગોપાલને સજા થઈ હતી. તેણે પોલીસની ગાડીમાં પણ ગોપાલ સાથે કોઈ વાત કરી નહોતી. કારણ, હવે આશ્વસન આપી શકે તેવી કોઈ વાત જ સલીમ પાસે નહોતી.


તે દિવસે રાતે ગોપાલ તો ઠીક, સલીમ પણ જમી શક્યો નહીં. ગોવિંદ પોતાના બિસ્તરમાં જ બેઠો હતો. ક્યારેક તે ત્રાંસી આંખે ગોપાલ સામે જોઈ લેતો. તેને ખબર હતી કે, સજાનો હુકમ થતાં હવે ગોપાલ




પાલનપુર જેલમાં રહેશે નહીં. અંતે ગોવિંદથી રહેવાયું નહીં. તે ઊભો થઈ સલીમ અને ગોપાલ પાસે આવ્યો. પહેલાં તેણે ગોપાલ સામે જોયું અને પછી સલીમ સામે જોતાં કહ્યું, "ચિંતા કરીશ નહીં."

અમદાવાદ જેલમાં મેં વાત કરી લીધી છે. મારા પરિચિત અધિકારીઓ પણ છે અને મારા જૂના કેદીમિત્રો પણ છે. અમદાવાદ જેલ સાંભળતા જ ગોપાલે આશ્ચર્ય સાથે ગોવિંદ સામે જોયું. સલીમ સમજી ગયો. તેણે કહ્યું, "આ પાલનપુર ડિસ્ટ્રિક્ટ જેલ છે. અહીં બે વર્ષથી વધુ સજા મળી હોય તેવા કેદીને રાખતા નથી.

ગોપાલે તરત ગોવિંદ સામે જોયું. તેનો એ પ્રશ્ન પણ સલીમ સમજી ગયો. તેણે કહ્યું, "ભાઈને સજાના ભાગરૂપે પાલનપુર જેલમાં બદલી આપવામાં આવી છે. હવે આપણે અમદાવાદ જેલમાં જવાનું છે."ગોપાલ સ્તબ્ધ થઈ ગયો. તેણે પૂછ્યું, "હવે અહીંથી અમદાવાદ જેલમાં જવાનું?"ગોવિંદે કહ્યું, "તારા પપ્પા આવ્યા હતા. મેં એમને જાણ કરી દીધી છે કે, હવે તને અમદાવાદ જેલમાં લઈ જશે."



પ્રશાંત દયાળ

ગોપાલ બેચેન થઈ ગયો. તેને અનેક વિચાર આવવા લાગ્યા. હવે હું અમદાવાદ જેલમાં હોઈશ તો મમ્મી, પપ્પા અને નિશી કેવી રીતે મળવા આવશે? પાલનપુરથી અમદાવાદ ખાસ્સું દૂર છે. અમદાવાદ જેલ કેવી હશે? ત્યાં ગોવિંદ જેવી મદદ કોણ કરશે? આવા વિચારોમાં ગોપાલ આખી રાત સૂઈ શક્યો નહીં. સવાર પડી. સલીમ પણ કદાચ સૂઈ શક્યો નહોતો. સલીમ ફટાફટ તૈયાર થયો. તેણે ગોપાલને પૂછ્યું, "ન્હાવું નથી? "ગોપાલે ના પાડી. સવારની ચા પીધા પછી ગોપાલ બહાર જઈ લીમડાનાં ઝાડ નીચે બેઠો. સલીમ બેરેકમાં પોતાનો અને ગોપાલનો સામાન પેક કરી રહ્યો હતો. સાડા નવ થયા. ગોવિંદ જેલરની ઑફિસમાંથી બેરેક પર પાછો ફર્યો. તેણે ગોપાલને ઝાડ નીચે બેઠેલો જોયો. ગોવિંદને જોતાં જ ગોપાલ ઊભો થઈ ગયો. ગોપાલ તેને વળગી પડ્યો. તેની આંખો ભીની થઈ ગઈ હતી. ગોપાલને ખબર ન પડે એ રીતે ગોવિંદે પણ પોતાની ભીની આંખો લૂછી નાખી. ગોવિંદે કહ્યું, "હમણાં જાપ્તો આવી જશે. તમને અમદાવાદ લઈ જવા માટે."ત્યારે જ એક કેદી આવ્યો. તેણે ગોવિંદ તરફ જોઈને કહ્યું, "ભાઈ, અમદાવાદનો જાપ્તો આવી ગયો છે."

સલીમ બેરેકના દરવાજા પાસે ઊભો હતો. તેણે પણ સાંભળ્યું કે, જાપ્તો આવી ગયો છે. તે સામાન લઈ દરવાજામાં આવ્યો. ગોવિંદે કહ્યું, "તારા વાસણો અને બિસ્તર જમા કરાવી દે."

વાસણો અને બિસ્તર પંદર મિનિટમાં જમા થઈ ગયાં. પાલનપુર જેલ દ્વારા તેમની આઉટની એન્ટ્રી કરવામાં આવી. કારણ, હવે ગોપાલ અને સલીમ હવે તેમની કસ્ટડીમાં નહોતા. ગોવિંદ તેમને જેલના મુખ્ય લોખંડી દરવાજા સુધી મુકવા આવ્યો. બહાર પોલીસવાળા ઊભા હતા. એક મોટી બસ જેવી પ્રિઝનરવાન પણ બહાર ઊભી હતી. પોલીસ તેમને પ્રિઝનરવાનમાં બેસાડીને નીકળી.

પોલીસનું વાહન પાલનપુરના રસ્તા પરથી અમદાવાદ હાઈવે તરફ જઈ રહ્યું હતું. ગોપાલ પોલીસવાનની જાળીમાંથી જાણે છેલ્લી વખત પોતાના પાલનપુરને જોઈ રહ્યો હોય, તેવું લાગી રહ્યું હતું. રસ્તામાં પાનની દુકાન અને સોડાની લારી જોતાં તેને પોતાની યાદો ફરી મળવા આવી ગઈ. આ સોડાની લારી પર રાતે નિશી સાથે સોડા પીવા આવતો હતો. તેને શહેરના એક એક રસ્તાઓ જાણે પૂછી રહ્યા હતા કે, ક્યાં જાય છે?પોલીસવાન પાલનપુર શહેર છોડી હવે હાઈવે પર આવી ગઈ હતી. પોલીસવાનની ઝડપ વધી ગઈ હતી. ગોપાલને આ પોલીસવાનની ઝડપ ખટકી રહી હતી. ગોપાલને લાગી રહ્યું હતું કે, અમદાવાદ ન આવે તો સારું. આમ તો અમદાવાદ પણ એનું જ શહેર હતું. પાછું એનું ગમતું શહેર. પણ આ રીતે એને પોતાના શહેરમાં પાછા જવું નહોતું.

સલીમ પણ રાતે સૂઈ શક્યો નહોતો. પોલીસવાનની ઝડપને કારણે, બારીમાંથી આવી રહેલા પવનને લીધે એની આંખ મળી ગઈ. ગોપાલની નજર તો બહાર જ હતી. પોલીસવાનની ઝડપ કરતાં એના વિચારોની ઝડપ વધારે હતી. તેના વિચારો પણ બમ્પ આવે અને વાહન કૂદે એ રીતે એક વિચારમાંથી બીજા વિચારોમાં કૂદકા લગાવતા હતા.

પોલીસવાન અડાલજ થઈને અમદાવાદમાં પ્રવેશી. ગોપાલને અમદાવાદના રસ્તાઓની પણ ખબર હતી. સાબરમતી પાવરહાઉસથી આરટીઓ સર્કલ થઈ પોલીસવાન સાબરમતી જેલ તરફ ડાબી બાજુ વળી. સાબરમતી જેલના મોટા દરવાજામાંથી વાન જેલનાં કેમ્પસમાં આવીને ઊભી રહી. ગોપાલે સલીમને ઉઠાડ્યો. ગોપાલે જોયું તો, સાબરમતી મધ્યસ્થ જેલ ૧૮૯૫ તેવું મોટા અક્ષરે લખેલુ બોર્ડ નજરે પડ્યું. ગોપાલનું નવું સરનામું હવે સાબરમતી જેલ હતી! તે બહાર જોઈ રહ્યો હતો ત્યારે જ તેનું ધ્યાન પડ્યું કે, એક લીમડાના ઝાડ નીચે મમ્મી, પપ્પા, નિશી અને નિશીના પપ્પા ઊભાં હતાં. ગોપાલ જેલ પર આવે એ પહેલાં જ તેઓ અમદાવાદ આવી ગયાં હતાં. તેમનાં હાથમાં કેટલોક સામાન હતો. પોલીસવાનમાંથી ઉતરેલા જમાદારે બૂમ પાડી, "ચાલો... નીચે ઉતરો."

### શિક્ષણ પ્રશ્ન : લાખો વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકો વિના ભણવા મજબૂર

# ધોરણ 9 અને 11ના પાઠ્યપુસ્તકોના વિતરણમાં વિલંબનો કોંગ્રેસનો આક્ષેપ

» શાળા શરૂ થયાના 10 દિવસ બાદ પણ અનેક વિદ્યાર્થીઓને પુસ્તકો મળ્યા નહીં

» 208માંથી માત્ર 15 રૂટ પર વિતરણ, 400થી વધુ કેન્દ્રો પર પુસ્તકો ઉપલબ્ધ નહીં હોવાનો દાવો

» પાઠ્યપુસ્તકોના છાપકામ અને વિતરણ પ્રક્રિયામાં અનિયમિતતાની આશંકા

સિટી ન્યૂઝ@રાજકોટ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા અને મીડિયા કોર્ડિનેટર હેમાંગ રાવલે રાજ્યમાં ધોરણ ૯થી ૧૨ના વિનામૂલ્ય પાઠ્યપુસ્તકોના વિતરણમાં ગંભીર વિલંબ થયો હોવાનો આક્ષેપ કર્યો છે. અમદાવાદ સ્થિત રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર સ્ટેટ કરિક્યુલમ ફ્રેમવર્ક અને શિક્ષણમાં પરિવર્તનના દાવા કરી રહી છે, પરંતુ બીજી તરફ લાખો વિદ્યાર્થીઓ હજુ પણ પાઠ્યપુસ્તકોની રાહ જોઈ રહ્યા છે.

હેમાંગ રાવલના જણાવ્યા મુજબ રાજ્યમાં શાળાઓ ૬ જૂનથી શરૂ થઈ




ગઈ હોવા છતાં ખાસ કરીને ધોરણ ૯ અને ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓને હજુ સુધી વિનામૂલ્યે મળવાપાત્ર પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ થયા નથી. જેના કારણે વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંનેને શૈક્ષણિક કાર્યમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

કોંગ્રેસ દ્વારા રજૂ કરાયેલી વિગતો અનુસાર તા. ૧૬ જૂન, ૨૦૨૬ સુધી કુલ ૨૦૮ વિતરણ રૂટમાંથી માત્ર ૧૫ રૂટમાં જ પુસ્તકો મોકલવામાં આવ્યા છે, જ્યારે ૧૯૩ રૂટમાં વિતરણ બાકી છે. રાજ્યના ૪૦૦થી વધુ વિતરણ કેન્દ્રો પર પણ પુસ્તકો ઉપલબ્ધ ન હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

પત્રકાર પરિષદમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો કે વિનામૂલ્યે વિતરણ કરવાના કેટલાક પાઠ્યપુસ્તકોનું છાપકામ હજુ સુધી પૂર્ણ થયું નથી. જો આ માહિતી સાચી હોય તો સમગ્ર ખરીદી, છાપકામ અને વિતરણ પ્રક્રિયા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થાય છે. કોંગ્રેસે આ મામલે સંભવિત અનિયમિતતા અથવા કૌભાંડની આશંકા પણ વ્યક્ત કરી છે.

કોંગ્રેસે રાજ્ય સરકાર, શિક્ષણ વિભાગ અને ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ પાસે સ્પષ્ટતા માંગતા પ્રશ્નો ઉઠાવ્યા છે કે પુસ્તકોના વિતરણમાં વિલંબ કેમ થયો, માત્ર ૧૫ રૂટ પર જ વિતરણ કેમ થઈ શક્યું અને જવાબદાર અધિકારીઓ સામે શું કાર્યવાહી કરવામાં આવશે.

કોંગ્રેસે માંગ કરી છે કે સરકાર તાત્કાલિક હસ્તક્ષેપ કરીને બાકી રહેલા તમામ પાઠ્યપુસ્તકોનું વિતરણ યુદ્ધના ધોરણે પૂર્ણ કરે, સમગ્ર મામલે પારદર્શક તપાસ કરાવે અને વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતોને પ્રાથમિકતા આપે.

# રાજકોટમાં 21 જૂને વિશ્વ યોગ દિવસની ઉજવણી

» રેસકોર્સના માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સવારે ૬ વાગ્યે સામૂહિક યોગ કાર્યક્રમ

» RMC અને ગુજરાત યોગ બોર્ડના સહયોગથી આયોજન; ઓનલાઈન નોંધણીની સુવિધા ઉપલબ્ધ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી ૨૧ જૂનના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ, રેસકોર્સ તેમજ મહિલાઓ માટે શ્રી લોકમાન્ય તિલક સ્નાનાગાર ખાતે સવારે ૬ વાગ્યે સામૂહિક યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

વિશ્વ યોગ દિવસની તૈયારીઓ અંગે મેયર ડૉ. નેહલ શુક્લના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. બેઠકમાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશભાઈ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, કોર્પોરેટરો, અધિકારીઓ તેમજ વિવિધ સામાજિક અને યોગ



સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે જરૂરી આયોજન અને વ્યવસ્થાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

યોગ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક નાગરિકો રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ www.rmc.gov.in પર ઓનલાઈન નોંધણી કરાવી શકશે. કાર્યક્રમ સ્થળે ઉપલબ્ધ QR કોડ સ્કેન કરીને સહભાગીઓ ડિજિટલ સર્ટિફિકેટ પણ મેળવી શકશે.

રાજકોટ મહાનગરપાલિકાએ જણાવ્યું છે કે નિયમિત યોગ શરીરની લવચિકતા, રોગપ્રતિકારક શક્તિ અને માનસિક એકાગ્રતા વધારવામાં મદદરૂપ બને છે. યોગ તણાવ ઘટાડવા, માનસિક શાંતિ પ્રાપ્ત કરવા અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

મેયર ડૉ. નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા સહિતના પદાધિકારીઓએ નગરજનોને વિશ્વ યોગ દિવસના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જોડાઈ યોગના સંદેશને જનજન સુધી પહોંચાડવા અપીલ કરી છે.

# પોલીસના જાપ્તામાંથી નાસી છૂટેલો આરોપી પુલ સાથે અથડાયો

» દારૂના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડવા જતા પગમાં ફ્રેક્ચર

સિટી ન્યૂઝ@રાજકોટ

જેતપુર તાલુકામાં પ્રોહીબિશનના ગુનામાં નાસતા-ફરતા એક રીઢા ગુનેગારને પકડવામાં રાજકોટ રૂરલ એલસીબીને સફળતા મળી છે. જોકે, પોલીસ કસ્ટડીમાંથી શૌચક્રિયાના બહાને ભાગવાનો પ્રયાસ કરતો આરોપી હાઈવે પર પુલની રેલિંગ સાથે ભટકાઈને ખાબકતાં તેને પગમાં ફ્રેક્ચર જેવી ઈજાઓ પહોંચી છે.એક મહિના પૂર્વે જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા અંગ્રેજી દારૂ અંગે એક દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરોડા દરમિયાન જશુ જીતુભાઈ હુડ નામના શખ્સની સંડોવણી ખુલી હતી આ દરોડા બાદથી પોલીસને હાથતાળી આપીને નાસતો ફરતો હતો દરમિયાન આજે રાજકોટ રૂરલ એલસીબી ટીમે વોન્ટેડ આરોપી જશુ હુડને દબોચી લઈ તેને જીપમાં બેસાડી જેતપુર તાલુકા પોલીસ સ્ટેશન લાવી રહી હતી, ત્યારે રસ્તામાં આરોપીએ કુદરતી શૌચક્રિયા જવાનું બહાનું કાઢી પોલીસ કર્મચારીઓની નજર ચૂકવીને હાઈવે પર પલાયન થવા માટે દોડ લગાવી દીધી હતી આરોપી રસ્તામાં આવેલા એક પુલની રેલિંગ સાથે જોરદાર રીતે ભટકાયો હતો અને નીચે પટકાયો હતો. પાછળ દોડતી પોલીસે તેને તુરંત જ ઝડપી લઈ ઈજા થઈ હોવાથી હોસ્પિટલે ખસેડાયો હતો.

# વિરાણી મેદાન બચાવવા વિદ્યાર્થી સંગઠનની કાનૂની લડત યથાવત

## » વિદ્યાર્થીઓની અરજી માત્ર ટેકનિકલ કારણોસર રદ, ગુણદોષના આધારે નહીં

## » પ્રાંત અધિકારીએ જમીનનો ખાનગી સત્તાપ્રકાર રદ કરી શૈક્ષણિક હેતુ દર્શાવ્યો

## » મેદાનના વેચાણમાં નિષ્ફળ જતા ખાનગી ટ્રસ્ટીઓએ 6 નવા સભ્યો નીમ્યા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વિરાણી હાઈસ્કૂલના ટ્રસ્ટી પ્રવિણા ચોવટીયાની પ્રેસનોટનો પ્રત્યુત્તર આપતા વિરાણી મેદાન બચાવો સમિતિના અગ્રણી પુરુષોત્તમ પીપરીયાએ સ્પષ્ટતા કરી છે કે, જમીન મામલે વિદ્યાર્થીઓની અરજી માત્ર 'લોકસ સ્ટેન્ડી' (Locus Standi) ના ટેકનિકલ કારણસર રદ થઈ છે. બીજી તરફ, સરકારી વકીલ કમલેશ ડોડીયા અને વિદ્યાર્થીઓના વકીલ રવિ ગોગીયાની સચોટ દલીલોના આધારે, પ્રાંત અધિકારી ચાંદની પરમારે જમીનની ખાનગી માલિકી (સત્તાપ્રકાર C) રદ કરી તેને ફરીથી શૈક્ષણિક હેતુ (સત્તાપ્રકાર K૫ અને G) તરીકે નોંધવાનો ઐતિહાસિક હુકમ કર્યો છે. આથી ટ્રસ્ટીઓને કોઈ ક્લીન ચિટ મળતી નથી.

વર્ષ ૧૯૪૬ માં સામાન્ય વર્ગના બાળકો માટે સ્થપાયેલી શ્રી શામજી વેલજી વિરાણી વિવિધલક્ષી શાળા માટે સરકારે સનંદ નં. ૧/૫૧ હેઠળ માત્ર શૈક્ષણિક હેતુ માટે જમીન ફાળવી હતી. આ ઉપરાંત, બાંધકામ ખર્ચની ૮૩% ગ્રાન્ટ પણ સરકારે આપી





હતી, જેમાં જમીન વેચી કે ભાડે ન આપવાની સ્પષ્ટ શરત હતી.

આમ છતાં, શ્રેયાંશ વિરાણી અને તેમના પરિવારે ૨૦૧૯ માં ૧૯૫૦ ના માત્ર ૩૪૪૦ રૂપિયાના વાઉચરના આધારે આ જમીન વેચવાનો પ્રયાસ કર્યો હતો. ૧૦૦ રૂપિયાથી વધુ કિંમતની મિલકત માટે રજીસ્ટ્રેશન ફરજિયાત હોવા છતાં આ ગેરરીતિ આચરવામાં આવી હતી. જોકે, પુરુષોત્તમ પીપરીયાની સમયસૂચકતા અને કલેક્ટર સમક્ષ કરાયેલી રજૂઆતના કારણે આ વેચાણ અંતિમ ઘડીએ અટકી ગયું હતું.

જમીન વેચવામાં નિષ્ફળ જતા શ્રેયાંશ વિરાણીએ તાજેતરમાં ૬ નવા ટ્રસ્ટીઓની નિમણૂક કરી છે. પીપરીયાએ આક્ષેપ કર્યો છે કે, આ નવા ટ્રસ્ટીઓનું શિક્ષણક્ષેત્રે કોઈ પ્રદાન નથી અને તેમાંના કેટલાક મની લેન્ડિંગના વ્યવસાય સાથે સંકળાયેલા છે. સક્ષમ ઓથોરિટીએ આ નિમણૂકો પાછળનો મૂળભૂત હેતુ તપાસવો જોઈએ.

આ અન્યાય સામે લડવા પરાક્રમસિંહ જાડેજા, કીર્તિકુમાર ઉપાધ્યાય, અનામિક શાહ, જતીન ભરોડ અને અતુલ રાઠોડ જેવા નગરશ્રેષ્ઠીઓ એકજૂટ થયા છે. એડવોકેટ રવિ ગોગીયાની ટીમ ૧ રૂપિયાના ટોકન દરે આ લડત સુપ્રીમ કોર્ટ સુધી લડવા પ્રતિબદ્ધ છે. ગત ૨૭-૧૨-૨૦૨૫ ના રોજ યોજાયેલા ઐતિહાસિક મહાસંમેલનમાં હજારો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ વિરાણી મેદાન બચાવવા કાનૂની લડત ચાલુ રાખવાનો દ્રઢ નિર્ધાર વ્યક્ત કર્યો છે.







# ચોટીલામાં 4.34 કરોડના બ્રિજનું કામ 3 મહિના વીતવા છતાં સાઈટ પર એક ઈંટ પણ ન મુકાતા લોકોમાં રોષ

**» મેવાસા–ઝુપડા રોડ પર 15 માર્ચે ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત કરાયું હતું**

**» ખાતમુહૂર્ત માત્ર ફોટા પડાવવા અને પાટિયા લગાવવા પૂરતું સીમિત હોવાનો આક્ષેપ**

સિટી ન્યૂઝ@ચોટીલા

ચોટીલા તાલુકાના મેવાસા અને ઝુપડા ગામના રોડ પર પ્રજાની સુવિધા માટે મેજર બ્રિજ બનાવવાની મંજૂરી આપવામાં આવી હતી. આ પ્રોજેક્ટ પાછળ રાજ્ય સરકાર દ્વારા ૪.૩૪ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ ફાળવવામાં આવી છે. ગત ૧૫ માર્ચ ૨૦૨૬ ના રોજ સ્થાનિક ધારાસભ્ય શામજી ચૌહાણની ઉપસ્થિતિમાં આ કામનું વિધિવત અને ધામધૂમથી ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.નવાઈની વાત એ છે કે, ખાતમુહૂર્તને ૩ મહિનાનો લાંબો સમય વીતી ગયો હોવા છતાં, હજુ સુધી સાઈટ પર બ્રિજ નિર્માણની ૧ પણ ઈંટ મુકાઈ નથી.

કામ શરૂ થવું તો દૂર, ત્યાં સાધનો કે મજૂરોનું પણ નામનિશાન જોવા મળતું નથી. કામમાં થઈ રહેલા આ અસહ્ય વિલંબને કારણે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ વિલંબને જોતા સ્થાનિકો રોષપૂર્વક પૂછી રહ્યા છે કે શું ખાતમુહૂર્ત માત્ર ફોટા પડાવવા અને નેતાઓના નામના પાટિયા લગાવવા પૂરતું જ સીમિત છે? લોકોને હવે આશંકા સતાવી રહી છે કે શું આ પ્રોજેક્ટ માત્ર કાગળ પર જ રહેશે કે ખરેખર ક્યારેય આકાર લેશે. ગ્રામજનો હવે વહીવટી તંત્ર અને જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કામગીરી તાત્કાલિક શરૂ કરવા માટે દબાણ કરી રહ્યા છે.

## જૈન દેરાસરમાં 43 લાખની ચોરી કરનાર ઓફિસબોય સહિત ત્રણની ધરપકડ

**» બે મિત્રો કમિશન લઈ ચાંદી વેંચતા : પોલીસે ૩૪ લાખનો મુદામાલ કબ્જે કર્યો**

સિટી ન્યૂઝ@રાજકોટ





રાજકોટમાં રહેતા અને પેલેસ રોડ ઉપર વર્ધમાનનગરમાં આવેલ જૈન દેરાસરમાં ટ્રસ્ટી તાઈકે ફરજ બજાવતા હેંમતભાઈ શાહએ દેરાસરના ઓફીસબોય સામે ૪૩ લાખની ચોરી અંગે એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા એ ડિવિઝન પોલીસે ઓફિસબોય સહિત ત્રણ આરોપીને ઝડપી લઈ ૩૪ લાખનો મુદામાલ કબ્જે કર્યો છે. ગત ૭ તારીખે ટ્રસ્ટીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ઓફીસબોય કટકે કટકે જૈન દેરાસરમાં સ્થિત ઓફિસના સ્ટ્રોંગ રૂમમાં કબાટના ખાનામાંથી ૪૩.૨૯ લાખની ચોરી કરી હતી ફરિયાદ અન્વયે એ.ડિવિઝન પોલીસનાં પીઆઈ જે.વી.વાઢીયા સહિતના સ્ટાફે બાતમી આધારે આરોપી રાજસ્થાનના ઓફિસબોય તનનું ભગવતીપ્રસાદ આમેટાને રાજસ્થાનથીઅને તેના બે મિત્રો આદિત્ય ઉર્ફે આદી ભીમરાવ રામને ઉત્તરાખંડથી અને સંદીપસિંહ રાજેન્દ્રસિંહ રાઠોડને રાજકોટમાંથી ઝડપી લઇ ૨૮.૮૮ લાખની ચાંદી અને ૫ લાખની રોકડ સહિત કુલ ૩૩.૮૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે જણાવ્યું કે ઓફિસબોય તનનું અલગ-અલગ સમયે ચાંદીની ચોરી કરી તેના બંને મિત્રોને આપતો હતો. જે બંને કમિશન લઈ તે ચાંદી વેચી નાખતા હતા

## રાજકોટમાં 21 વર્ષીય યુવાને 10મા માળેથી ઝંપલાવી જીવ ટૂંકો કર્યો

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટના સ્ટર્લિંગ હોસ્પિટલ પાછળ આવેલા દર્શન સૃષ્ટિ એપાર્ટમેન્ટમાં ૨૧ વર્ષીય યુવાને ૧૦મા માળેથી ઝંપલાવી આપઘાત કરી લેતા અરેરાટી ફેલાઈ ગઈ હતી. ગંભીર હાલતમાં તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ મૃત જાહેર કર્યો હતો.

મૃતકની ઓળખ મૂળ વેરાવળના અને હાલ કૈલાસધારા વિસ્તારમાં રહેતા મીતકુમાર અંકિતકુમાર માંડવિયા તરીકે થઈ છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મીતકુમાર અગાઉ સોના-ચાંદીના ભાગીદારીના ધંધા સાથે સંકળાયેલા હતા. ધંધામાં ભાગીદારો સાથેના વિવાદ, દગો અને અપહરણ સંબંધિત ફરિયાદ બાદ તેઓ માનસિક તણાવમાં રહેતા હોવાનું સામે આવ્યું છે.

ઘટનાની જાણ થતાં યુનિવર્સિટી પોલીસ સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી. મૃતક રાજકોટમાં પોતાના ફુવાના ફ્લેટમાં રહેતો હતો. પોલીસે સમગ્ર ઘટનાના કારણો જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# મંડોરમાં ગેરકાયદે સિંહ દર્શનમાં મોરબીના બે સહિત 7 શખ્સ ઝડપાયા, 4 લાખનો દંડ ફટકારાયો

» નંબર પ્લેટ વગરની થાર પર મંત્રી, મોરબી શહેર ભાજપનું બોર્ડ મળતાં ચર્ચા; દારૂ મળતાં પ્રોહિબિશન એક્ટ હેઠળ કાર્યવાહી

સિટી ન્યૂઝ
રવિ ખખ્ખર-ગીર સોમનાથ

વેરાવળ તાલુકાના મંડોર ગામની સીમમાં ગેરકાયદે સિંહ દર્શન કરાવવાના કૌભાંડનો વન વિભાગે પર્દાફાશ કર્યો છે. ગ્રામજનોની બાતમીના આધારે હાથ ધરાયેલી કાર્યવાહીમાં મોરબીના બે સહિત કુલ ૭ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતા. વન વિભાગે તમામ સામે કાર્યવાહી કરીને રૂ.૪ લાખનો દંડ ફટકાર્યો છે.વન વિભાગના દરોડા દરમિયાન સ્થળ પરથી નંબર પ્લેટ વગરની મહિન્દ્રા થાર કાર અને એક મોપેડ કબજે કરવામાં આવ્યા હતા. થાર કારના આગળના કાચ પર મંત્રી, મોરબી શહેર ભાજપ લખાયેલું બોર્ડ લગાવેલું મળતાં સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે. ઘટનાને પગલે વાહનના ઉપયોગ અને તેની માલિકી





અંગે પણ અનેક સવાલો ઊભા થયા છે. આરએફઓ યોગેશ કાલસરિયાના જણાવ્યા મુજબ મંડોરના અલ્ફાઝ અનવર મલેક દ્વારા ગેરકાયદેસર સિંહ દર્શન કરાવવામાં આવતું હતું. મોરબીથી આવેલા કેટલાક શખ્સોએ તેની વાડીમાં ભેગા થઈ દારૂ અને ચિકનની પાર્ટી કર્યા બાદ રાત્રે સિંહ દર્શન માટે જંગલ વિસ્તારમાં પ્રવેશ કર્યો હતો. પેટ્રોલિંગ દરમિયાન વન વિભાગની ટીમને જોઈ તમામ લોકો વાહનો મૂકીને ફરાર થઈ ગયા હતા.તપાસ બાદ વન વિભાગે તમામ આરોપીઓને ઝડપી લઈને કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન થાર કારમાંથી દારૂની બોટલ પણ મળી આવતાં મોરબીના બે શખ્સોને વાહન સાથે પ્રભાસપાટણ પોલીસને સોંપવામાં આવ્યા છે. પોલીસ દ્વારા પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઘટનાની વધુ તપાસ ચાલુ છે.

# સાંસદ માનસિંહ પરમાર ઉનામાં: ગીર સોમનાથને 6 વર્ષ બાદ રાજ્યસભામાં પ્રતિનિધિત્વ મળ્યું

» ભાજપના વ્યૂહાત્મક નિર્ણય પાછળ ભવિષ્યના સીમાંકનના સમીકરણોની ચર્ચા

સિટી ન્યૂઝ@કમલેશ જુમાણી-ઉના



રાજ્યસભામાં નવનિર્વાચિત સાંસદ તરીકે માનસિંહભાઈ પરમાર આજે પ્રથમ વખત ઉના પંથકની મુલાકાતે આવી રહ્યા છે. તેમના આગમનને લઈને ભાજપ કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ગીર સોમનાથ જિલ્લાને છ વર્ષ બાદ ફરી રાજ્યસભામાં પ્રતિનિધિત્વ મળતાં સ્થાનિક કાર્યકરો અને આગેવાનોમાં આનંદની લાગણી વ્યાપી છે.

રાજકીય વર્તુળોમાં માનસિંહ પરમારની પસંદગી પાછળ ભાજપની લાંબા ગાળાની વ્યૂહરચનાની ચર્ચા ચાલી રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, જૂનાગઢ-ગીર સોમનાથ લોકસભા બેઠકના ભવિષ્યમાં સંભવિત સીમાંકનને ધ્યાનમાં રાખીને પક્ષે આ નિર્ણય લીધો હોવાનું માનવામાં આવે છે. આગામી સમયમાં ગીર સોમનાથને અલગ લોકસભા બેઠક મળવાની સંભાવનાઓ વચ્ચે નવા નેતૃત્વને તૈયાર કરવાનો પ્રયાસ પણ આ નિર્ણય પાછળનું એક કારણ ગણાય છે.

વર્ષ ૨૦૨૨ની સોમનાથ વિધાનસભા ચૂંટણીમાં નજીવા અંતરે પરાજય છતાં માનસિંહ પરમારે જનસેવાના કાર્યો ચાલુ રાખ્યા હતા. તેમની સક્રિયતા અને સંગઠન પ્રત્યેની નિષ્ઠાને પક્ષના વરિષ્ઠ નેતાઓએ પણ વખાણી હતી. રાજકીય નિરીક્ષકોનું માનવું છે કે રાજ્યસભામાં તેમની પસંદગી ગીર સોમનાથ વિસ્તારમાં ભાજપના સંગઠનને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ શકે છે.



# રાજુલાના કોવાયામાં યુવકનો શિકાર કરનાર 4 સિંહો મોડી રાત્રે પાંજરે પુરાયા

સિટી ન્યૂઝ@ધર્મેશ મહેતા-રાજુલા

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોવાયા ગામે તાજેતરમાં એક પરપ્રાંતિય યુવકને સિંહો દ્વારા ફાડી ખાઈ તેનું માથું ધડથી અલગ કરી દેવાની હૃદયદ્રાવક ઘટના સામે આવી હતી. આ ઘટનાને પગલે વનવિભાગ એક્શન મોડમાં આવ્યું હતું. ગત મોડી રાત્રે વનવિભાગની ટીમ દ્વારા એક મેગા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ૪ જેટલા શંકાસ્પદ સિંહોને પાંજરે પૂરવામાં સફળતા મળી છે. સિંહો પાંજરે પુરાતા જ સ્થાનિક ગ્રામજનોએ મોટી રાહત અનુભવી છે. મૃતક યુવકની બાજુમાં જ આ ચાર સિંહો શંકાસ્પદ હાલતમાં જોવા મળ્યા હતા. જેથી શેત્રુંજી ડિવિઝનના ACF વિરલસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ રાજુલા આરએફઓ ડી.કે. મકવાણા



સહિતના વનવિભાગના સ્ટાફે રાત્રિના સમયે જ ઓપરેશન પાર પાડ્યું હતું. વનવિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર પાંજરે પુરાયેલા તમામ સિંહોના બ્લડ અને અન્ય સેમ્પલ લેવામાં આવ્યા છે. આ સેમ્પલના રિપોર્ટ આવ્યા બાદ જ કયો સિંહ માનવભક્ષી છે તે અંગેની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવશે.





# અંડર 14 ગર્લ્સ ઓપન રાજકોટ ફૂટબોલ ટુર્નામેંટ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ફૂટબોલનો ફિફા વર્લ્ડ કપના માહોલ વચ્ચે રાજકોટ માં પણ અંડર ૧૪ ગર્લ્સ ઓપન રાજકોટ ફૂટબોલ ટુર્નામેંટ નું આયોજન કરવામાં આવેલ છે

ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોશિએશન રાજકોટ, જીનીયસ સ્કૂલ અને એક્સપ્રેસ ઈન્ડિયા એલિવેટર કંપની દ્વારા તારીખ ૧૬.૬.૨૬ થી અંડર ૧૪ ઓપન રાજકોટ ફૂટબોલ ટુર્નામેન્ટ નું શાનદાર આયોજન માસ્ટર એફસી ફૂટબોલ ગ્રાઉંડ, રેસ કોર્સ ખાતે કરવામાં આવેલ છે.

આ ટુર્નામેન્ટ માં ડીએલએસએસ , વાયસીસી, એસએનકે સ્કૂલ, નિર્મલા કોન્વેંટ, માસ્ટર એફસી અને જીનીયસ સ્કૂલ ની ટીમો એ ભાગ લીધેલ.

તારીખ ૧૬.૬.૨૦૨૬ ના રોજ રમાયેલ મેચ માં વાયસીસી ની ટીમે એસએનકે સ્કૂલ ની ટિમ ને ૪-૦ થી, માસ્ટર એફસી ની ટીમે જીનીયસ સ્કૂલ ની ટિમ ને ૫-૦ થી મહાત આપેલ.

૧૯.૬.૨૬ ના રોજ સેમી ફાઇનલ અને ત્યાર પછી ફાઇનલ મેચ રમાડવામાં આવશે. આ ટુર્નામેન્ટ માંથી ડિસ્ટ્રિક્ટ ટીમ નું સિલેકશન કરવામાં આવશે તથા ગર્લ્સ ની અંડર ૧૭ અને સીનીયર ગર્લ્સ ની ટુર્નામેન્ટ પણ સળંગ રમાડવામાં આવશે.

ટુર્નામેન્ટ ને સફળ બનાવવા ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ આસોસીએસન ના ગુનવંતભાઈ ડેલાવાળા, બી. કે. જાડેજા, રોહિત બુંદેલા, અમૃતલાલ બૌરાસી, દીપક યશવંતે, અમીત સિયાળીયા, ભરત સિયાળીયા, મનદીપસિંહ બારડ, આશીષ ગુરુગ, સંજય પંડ્યા, જગદીપ વ્યાસ, કીર્તિ દવે વગેરે જહેમત ઉઠાવી રહેલ છે.

# વોર્ડ નં. 15માં હાઈટેન્શન લાઈન અંડરગ્રાઉન્ડ કરવાની કામગીરી શરૂ



**સિટી ન્યૂઝ@રાજકોટ**

વોર્ડ નં. ૧૫ વિસ્તારમાં આવેલા અમરાભાઈ બથવાર રોડ પર ગીચ વસાહત વચ્ચે પસાર થતી જીઈબીની હાઈટેન્શન લાઈનને અંડરગ્રાઉન્ડ કરવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. લાંબા સમયથી સ્થાનિક રહિશો દ્વારા આ લાઈનના કારણે સુરક્ષા અને સુવિધા સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો. સ્થાનિક આગેવાનો અને રહિશોની રજૂઆતોને ધ્યાને લઈને આશરે ૩ કિલોમીટર લાંબી હાઈટેન્શન લાઈનને અંડરગ્રાઉન્ડ કરવાની કામગીરી શરૂ થતાં વિસ્તારમાં આનંદની લાગણી વ્યાપી છે. આ કામગીરીથી રહેણાંક વિસ્તારમાં સલામતી વધવાની સાથે વિકાસ કાર્યોને પણ ગતિ મળશે. કોર્પોરેટર નિલેષભાઈ હેરભાએ જણાવ્યું હતું કે લોકોની સુખાકારી અને સુરક્ષાને પ્રાથમિકતા આપીને પ્રશ્નના ઝડપી નિરાકરણ માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા. પૂર્વ કોર્પોરેટર દેવજીભાઈ ખિમસુરીયા અને પ્રવિણભાઈ સોરાણીએ પણ લાંબા સમયથી આ મુદ્દે સતત રજૂઆતો કરીને મહત્વની ભૂમિકા ભજવી હતી. કાર્યના પ્રારંભ પ્રસંગે કોર્પોરેટર નિલેષભાઈ હેરભા, વોર્ડ મહામંત્રી મૌલિકભાઈ પરમાર, પૂર્વ કોર્પોરેટર દેવજીભાઈ ખિમસુરીયા, પ્રવિણભાઈ સોરાણી, કેતનભાઈ કુમારખાણીયા, મહેશભાઈ અધેરા, નાનજીભાઈ પારધી, હસુભાઈ છાટબાર, કમલેશભાઈ બગડાય, રાહુલભાઈ ચાવડા, કિશોરભાઈ વાળા સહિતના આગેવાનો અને સ્થાનિક રહિશો ઉપસ્થિત રહ્યા હતા.

# ભુરખિયા હનુમાનજીના સ્વયંભૂ પ્રાગટ્યનો ઐતિહાસિક મહિમા

## ચૈત્ર પૂર્ણિમાની મધ્યરાત્રિએ પ્રાગટ્ય થયાની લોકવાયકા, આજે લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર

**સિટી ન્યૂઝ@અમરેલી**

ભારતમાં હનુમાનજીના ૨૫ સ્વયંભૂ પ્રગટ સ્થાનોમાં અમરેલી જિલ્લાના લાઠીથી ૧૦ કિમી દૂર આવેલું ભુરખિયા હનુમાનજીનું મંદિર અત્યંત પવિત્ર છે. આ ઐતિહાસિક યાત્રાધામના પ્રાગટ્યને વિક્રમ સંવત ૨૦૪૨ ના ચૈત્ર માસમાં ૪૦૦ વર્ષ પૂર્ણ થયા હતા. અયોધ્યાના મહંત જાનકીદાસ મહારાજને જૂના ચોપડાઓમાંથી આ દિવ્ય પ્રાગટ્યનો રોમાંચક ઈતિહાસ પ્રાપ્ત થયો છે.સદીઓ પૂર્વે વિરમગામ પાસે રોકાયેલી અયોધ્યાના સાધુઓની જમાતમાં રામાયણના વક્તા મહાત્મા દામોદરદાસજી પણ હતા. એક રાત્રે નિદ્રાધીન દામોદરદાસજીને મહાવીર હનુમાનજીના દર્શન થયા. દાદાએ આદેશ આપ્યો કે, “સભાડ (હાલનું દામનગર) અને લાઠી વચ્ચેના જંગલમાં એક ટેકરા પર બાવળનું ઝાડ છે, ત્યાં તમે ચૈત્ર સુદ પૂનમ પહેલાં પહોંચી જજો. પૂર્ણિમાની મધ્યરાત્રિએ ત્યાં મારું પ્રાગટ્ય થશે.”

ગુરુદેવની આજ્ઞા લઈ દામોદરદાસજી પગપાળા મેથળી ગામે પહોંચ્યા. ગ્રામજનોના સહયોગથી તેઓ નિર્ધારિત ટેકરા પર પર્ણકુટી બનાવીને રહ્યા. ચૈત્ર સુદ ૧૫ ની રાત્રિએ ત્યાં માનવ મહેરામણ વચ્ચે ભજન-કીર્તન ચાલી રહ્યા હતા. બરાબર મધ્યરાત્રિએ તોપના ગોળા જેવા ભયંકર ધડાકા સાથે મોટો બાવળ ઉખડી ગયો અને સપાટ ભૂમિ પર સિંદૂરથી રંગાયેલી હનુમાનજીની પ્રચંડ મૂર્તિના દર્શન થયા. દામોદરદાસજીએ આરતી-પૂજન કર્યું, અને ત્યારબાદ લાઠીના રાજવી લાખાજીરાજે ત્યાં શિખરબંધ ડેરી બનાવી આપી હતી.

વર્ષો બાદ સ્વામિનારાયણ ભગવાન (શ્રીજી મહારાજ) સંતો સાથે પસાર થતી વખતે ભુરખિયા દાદાના સ્થાને રોકાયા હતા. તેમની આજ્ઞાથી ગોપાળાનંદજી સ્વામીએ વીરાસને બેસીને યોગદ્રષ્ટિથી સ્તુતિ કરી, જેથી સુષુપ્ત મૂર્તિમાં ઓજસ ઝળહળી ઊઠ્યું અને મૂર્તિ જાગૃત થઈ.

આ સ્થાન લાઠીથી ૧૦ કિમી, અમરેલીથી ૩૫ કિમી, ભાવનગરથી ૮૦ કિમી, રાજકોટથી ૧૦૫ કિમી અને અમદાવાદથી ૨૨૫ કિમી દૂર છે. એસટી બસો, ખાનગી વાહનો અને ઢસા જંકશનથી રેલવે માર્ગે પણ આસાનીથી ભુરખિયા જઈ શકાય છે.



# રાજકોટમાં વિજય રૂપાણી મેમોરિયલનો કિડની અવેરનેસ સેમિનાર યોજાયો

### » પ્રમુખસ્વામી ઓડિટોરિયમમાં નિષ્ણાત તબીબો દ્વારા લોકોને અપાયું માર્ગદર્શન

### » કિડની રોગથી બચવા 40 ની ઉંમર પછી નિયમિત ટેસ્ટ જરૂરીઃ તબીબો

### » સંતો, રાજકીય આગેવાનો અને તબીબોની વિશાળ ઉપસ્થિતિમાં સફળ કાર્યક્રમ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સમાજમાં કિડની સંબંધિત રોગો અંગે જાગૃતિ લાવવાના ઉમદા હેતુથી વિજય રૂપાણી મેમોરિયલ દ્વારા ૧૩ જૂન ૨૦૨૬ ના રોજ રાજકોટના રૈયા રોડ સ્થિત પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતે ભવ્ય કિડની અવેરનેસ સેમિનાર નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંતોના આશીર્વચન અને નિષ્ણાત તબીબોના માર્ગદર્શન થકી લોકોને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા હતા.

આ સેમિનારમાં આશીર્વચન પાઠવતા પૂજ્ય ૧૦૮ વ્રજરાજકુમારજી મહારાજે જણાવ્યું હતું કે, ભગવાનમાંથી પ્રગટ થયેલ આત્માના કલ્યાણ અને પરમાત્માની પ્રસન્નતા માટે ધર્મ મુજબ કર્મ કરવાનું સાધન શરીર છે. સ્વસ્થ આરોગ્ય એ શરીરની પ્રાથમિકતા છે અને શરીરની સંભાળ રાખવી એ એક પ્રકારની સેવા અને સાધના છે.

જાણીતા નેફ્રોલોજિસ્ટ ડો. સંજય પંડ્યા અને ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રના નિષ્ણાત ડો. પ્રાંજલ મોદીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, કિડનીના રોગો ઘણી વખત




શાંત રીતે વિકસે છે. કિડનીને તંદુરસ્ત રાખવા માટે હેલ્ધી લાઈફસ્ટાઈલ અપનાવવી, દરરોજ ૨ લીટર પાણી પીવું અને ૪૦ ની ઉંમર પછી દર વર્ષે નિયમિત ટેસ્ટ કરાવવા અત્યંત જરૂરી છે.

પ્રાસંગિક ઉદ્દબોધનમાં ઋષભ રૂપાણીએ પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને સાચા અર્થમાં કોમન મેન, કમિટેડ મેન અને કલ્ચર્ડ મેન ગણાવ્યા હતા. કેબિનેટ મંત્રી જીતુ વાઘાણી અને સાંસદ પરશોત્તમ રૂપાલાએ વિજય રૂપાણીના અહંકાર મુક્ત વ્યક્તિત્વ અને હયાતીમાં જ શરૂ કરેલી સેવા પ્રવૃત્તિઓને યાદ કરી હતી. પ્રખ્યાત હાસ્યકાર સાંઈરામ દવેએ જણાવ્યું હતું કે, મહાન વ્યક્તિ દ્વારા શરૂ કરાયેલા સેવાકાર્યો તેમને આપણી વચ્ચે હંમેશા જીવંત રાખે છે.

આ સેમિનારમાં રામ મોકરિયા, મેયર નેહલ શુક્લ, માધવ દવે, ધારાસભ્ય ઉદય કાનગડ, રમેશ ટીલાળા, ડો. દર્શિતા શાહ, પૂર્વ ધારાસભ્ય ગોવિંદ પટેલ, અરવિંદ રૈયાણી, ડે. મેયર દક્ષા વસાણી, પરેશ પીપળીયા, ડો. હિરેન ખીમાણીયા, સંજયસિંહ રાણા, નીતિન ભારદ્વાજ, ધનસુખ ભંડેરી સહિતના અગ્રણીઓ તથા ડો. બીરજુ મોરી, ડો. અતુલ પંડ્યા, ડો. અમિત હાપાણી અને ડો. ચેતન લાલસેતા જેવા તબીબો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન તેજસ શીશાંગીયાએ કર્યું હતું અને આભાર દર્શન ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન (IMA) રાજકોટના પ્રમુખ ડો. તેજસ કરમટાએ કર્યું હતું. આયોજનને સફળ બનાવવા અંજલી રૂપાણી અને ડો. મેહુલ રૂપાણીના માર્ગદર્શન હેઠળ IMA રાજકોટ, પુજીત વિજય રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ, HNS ગ્રુપ ઓફ કોલેજ, આર્યવીર હોમિયોપેથી મેડિકલ કોલેજ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ એન્ડ રિસર્ચ સેન્ટર, ડિઝાઈન કોલેજ અને ગુજરાત સ્કૂલ ઓફ એક્સલન્સની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# મોઢ વણિક જ્ઞાતિએ મેયર ડૉ. નેહલ શુક્લ સહિત નવનિયુક્ત પદાધિકારીઓનું સન્માન

## રાજકોટના વિકાસમાં સતત સહકાર આપવાની સમાજના અગ્રણીઓએ વ્યક્ત કરી પ્રતિબદ્ધતા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સમસ્ત મોઢ વણિક જ્ઞાતિ રાજકોટ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના નવનિયુક્ત પદાધિકારીઓના સન્માન માટે ગરિમાપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્ટેન્ડિંગ કમિટીના કોન્ફરન્સ રૂમ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મેયર ડૉ. નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, શાસક પક્ષના નેતા ડૉ. હિરેનભાઈ ખીમાણિયા તથા દંડક સંજયસિંહ રાણાનું ઉપરણા અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મોઢ વણિક જ્ઞાતિના



આગેવાનોએ મેયર ડૉ. નેહલ શુક્લ અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા સાથે મુલાકાત કરી રાજકોટ શહેરના વિકાસ માટે સમાજ તરફથી હંમેશા સહકાર આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમમાં મોઢ વણિક મહાજન, મોઢ વણિક યુવા ગ્રુપ, મોઢ વણિક સમાજ, મોઢ વણિક વિદ્યાર્થી ભવન, મોઢ વણિક કન્યા છાત્રાલય, મોઢ વણિક મિત્ર મંડળ, માતંગી પાટોત્સવ સમિતિ, મોઢ યુથ ઓર્ગેનાઈઝેશન, મોઢ વણિક સમાજ મહિલા મંડળ, મોઢ મહિલા સત્સંગ મંડળ તથા મોઢ મહોદય સંસ્થા સહિતની વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં સમાજના અગ્રણી આગેવાનો અને પ્રતિનિધિઓએ હાજરી આપી નવનિયુક્ત પદાધિકારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. સમાજના આગેવાનોએ શહેરના સર્વાંગી વિકાસ અને જનહિતના કાર્યોમાં સક્રિય સહભાગી બનવાની ભાવના પણ વ્યક્ત કરી હતી.

# મહારાણા પ્રતાપજીને પુષ્પાંજલિ






## 486મી જન્મ જયંતિ નિમિતે મહાઆરતી સાથે ભવ્ય ઉજવણી

### સોરઠિયા વાડી ગાર્ડન અને સર્કલનું નામકરણ મહારાણા પ્રતાપજીના નામે કરવા રજૂઆત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

હિન્દવા સૂરજ, સનાતન ધર્મરક્ષક અને વીર શિરોમણી મહારાણા પ્રતાપજીની ૪૮૬મી જન્મ જયંતિ નિમિતે રાજકોટ ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વિક્રમ સંવત મુજબ જેઠ સુદ ત્રીજના પાવન દિવસે યોજાયેલા કાર્યક્રમમાં શાસ્ત્રોક્ત વૈદિક મંત્રોચાર સાથે મહાઆરતી અને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન સોરઠીયા વાડી ગાર્ડન ખાતે સ્થાપિત મહારાણા પ્રતાપજીની પ્રતિમા સમક્ષ વિવિધ સામાજિક અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સોરઠીયા વાડી ગાર્ડનનું નામ “શ્રી મહારાણા પ્રતાપજી ગાર્ડન” અને સોરઠીયા વાડી સર્કલનું નામ “શ્રી મહારાણા પ્રતાપજી ચોક” રાખવા માટે કોર્પોરેટરો સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. આગેવાનોએ જણાવ્યું હતું કે આ પ્રકારનું નામકરણ યુવા પેઢીને રાષ્ટ્રપ્રેમ, સંસ્કૃતિ અને ઐતિહાસિક વારસાથી પ્રેરિત કરશે. કાર્યક્રમ દરમિયાન કોંગ્રેસ ઓબીસી સમિતિના ચેરમેન મહેશભાઈ રાજપૂતનું કરણી સેના અને શ્રી રાજપૂત સુપ્રીમ કાઉન્સિલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં રાજકીય આગેવાનો, ક્ષત્રિય રાજપૂત સમાજના અગ્રણી, મહિલાઓ, વડીલો અને યુવા બંધુઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ મહારાણા પ્રતાપજીના શૌર્ય, રાષ્ટ્રભક્તિ અને ધર્મરક્ષણના આદર્શોને યાદ કરી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આયોજકોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપનાર તમામ સામાજિક, રાજકીય અને યુવા આગેવાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## માર્કેટ અપડેટ્સ




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| TURTLEMINT FINTECH SOLUTIONS | 19/6 | 23/6 | 144 - 152 | 98 | 14,896 |
| ADVIT JEWELS | 23/6 | 25/6 | 130 - 138 | 100 | 13,800 |

| SME DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| LEAPFROG ENGINEERING SERVICES | 17/6 | 19/6 | 21 - 23 | 12000 | 2,76,000 |
| LIOTECH INDUSTRIES | 17/6 | 19/6 | 321 | 800 | 2,56,800 |
| DIKSHA POLYMERS | 17/6 | 19/6 | 112 | 2400 | 2,68,800 |
| CLAY CRAFT INDIA | 17/6 | 19/6 | 193 - 203 | 1200 | 2,43,600 |
| AVIENCE BIOMEDICALS | 18/6 | 22/6 | 196 - 208 | 1200 | 2,49,600 |
| RIYAASAT LIFESTYLE | 18/6 | 22/6 | 102 - 108 | 2400 | 2,59,200 |
| ANUBHAV PLAST | 19/6 | 23/6 | 77 - 80 | 3200 | 2,56,000 |
| SHREEDHAR SPINNERS | 23/6 | 25/6 | 50 - 53 | 4000 | 2,12,000 |
| DHANWEL HYBRID SEEDS | 24/6 | 29/6 | 95 - 99 | 2400 | 2,37,600 |

### આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- ■ રેલ વિકાસ નિગમ લિ.ને ઈસ્ટ કોસ્ટ રેલવે પાસેથી રૂ.967,92,66,661.70 નો ઓર્ડર મળ્યો છે.
- ■ એચએફસીએલ લિ.ને રેલ વિકાસ નિગમ લિ. પાસેથી રૂ.૨,૬૬૬.૦૯ કરોડનો કોન્ટ્રેક્ટ મળ્યો છે.
- ■ એનએચપીસી લિ.એ જણાવ્યું છે કે કંપનીએ ૧૬ જૂન, ૨૦૨૬ના રોજ ઈટાલિન એચઈપી (૩૦૯૭ મેગાવોટ)ના અમલીકરણ માટે અરુણાચલ પ્રદેશ સાથે કરાર કર્યા છે
- ■ પૂર્વાન્કારા લિ.એ જણાવ્યું છે કે કંપનીએ ઉત્તર બેંગલુરુના ઝડપથી વિકસતા એરપોર્ટ કોરિડોરમાં સાન્ને અમ્માનિકેરે ખાતે ૯.૭૩ એકર જમીન હસ્તગત કરી છે.
- ■ એચસીએલ ટેક્નોલોજીસ લિ.એ જણાવ્યું હતું કે ફોક્સવેગન ગ્રુપના ઈ.સોલ્યુશન્સે આગામી પેઢીના ઓટોમોટિવ ઈન્ફોટેનમેન્ટ અને કનેક્ટિવિટી સોલ્યુશન્સ માટે નવીનતાને વેગ આપવા માટે કંપનીની પસંદગી કરી છે.
- ■ ટાટા મોટર્સ લિ.એ અખબારી યાદી દ્વારા બીએસઈને જણાવ્યું હતું કે જેએલઆરએ વધુ પ્રસાર સુગમતા અને ઉત્તર અમેરિકા પર ધ્યાન કેન્દ્રિત કરીને ડિજિટલ આવકમાં બમણો વધારો કરવાનો માર્ગ મોકળો કર્યો છે.
- ■ એનબીસીસી (ઈન્ડિયા) લિ.એ જણાવ્યુ છે કે ભારત બિઝનેસ પાર્ક, સરોજિની નગર, નવી દિલ્હી સ્થિત ૭.૦૮ લાખ ચોરસ ફૂટ વિસ્તારની કોમર્શિયલ બિલ્ટ-અપ જગ્યા ઈ-ઓક્શન દ્વારા સફળતાપૂર્વક વેચી છે, જેની કુલ વેચાણ કિંમત આશરે રૂ.૨,૮૫૭ કરોડ છે.
- ■ રાજેશ પાવર સર્વિસીસ લિ.એ જણાવ્યું છે કે કંપનીને ઓડિસા પાવર ટ્રાન્સમીશન કોર્પોરેશન લિ. (ઓપીટીસીએલ) પાસેથી રૂ.૨૧૧.૬૮ કરોડના નવા ઓર્ડર મળ્યા છે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**

# DGPનો કડક નિર્ણય : ડ્રગ્સના કેસમાં બેદરકારી દાખવનાર PI-PSI થશે સસ્પેન્ડ!

સિટી ન્યૂઝ@ગાંધીનગર

ગુજરાતના શહેરોમાં સ્થાનિક પોલીસ સ્ટેશનની હદમાં ચાલતા ડ્રગ્સના કારોબાર સામે મોટાભાગના સ્થાનિક પોલીસ અધિકારીઓ કોઈ નક્કર કાર્યવાહી કરતા ન હોવાનું સામે આવ્યું હતું. અત્યાર સુધી જે-તે જિલ્લા અને શહેરની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) કે ક્રાઈમ બ્રાંચ દ્વારા જ મોટેભાગે NDPS (નર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ)ના કેસ નોંધવામાં આવતા હતા.

આ બાબતને ગંભીરતાથી લઈને રાજ્યના ડીજીપીએ એક મહત્વનો નિર્ણય લીધો છે. હવેથી NDPSના કેસ નોંધવાની કામગીરી સ્થાનિક પોલીસે પણ ફરજિયાત કરવાની રહેશે. આ ઉપરાંત, જો અન્ય કોઈ એજન્સી દ્વારા સ્થાનિક પોલીસ સ્ટેશનની હદમાં ડ્રગ્સ સંબંધિત દરોડો પાડવામાં આવશે, તો તેની સીધી જવાબદારી સ્થાનિક પોલીસ અધિકારીની રહેશે.

રાજ્યમાં અમદાવાદ સહિતના મુખ્ય શહેરોમાં ડ્રગ્સ સંબંધિત કેસોમાં ચિંતાજનક વધારો થતાં રાજ્ય પોલીસ વડાએ આજે બુધવારે કડક નિર્ણય લીધો છે. ગાંધીનગર ખાતે યોજાયેલી એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં રાજ્યના તમામ જિલ્લાઓ અને શહેરોના પોલીસ વડા તેમજ પોલીસ કમિશનરોને NDPS કેસ અનુસંધાનમાં કોઈપણ પ્રકારની શિથિલતા ન રાખવા અને સૌથી આકરા પગલાં લેવા સૂચના આપી હતી. સામાન્ય રીતે શહેરો કે જિલ્લાઓમાં ડ્રગ્સના દરોડા પાડવાની જવાબદારી ક્રાઈમ બ્રાંચ કે SOGની હોવાના કારણે સ્થાનિક પોલીસ ડ્રગ્સ વિરોધી કાર્યવાહીમાં ઓછી સક્રિય હોવાના કિસ્સા પ્રકાશમાં આવ્યા હતા. હવે સ્થાનિક પોલીસની જવાબદારી નક્કી કરતાં ડીજીપીએ જણાવ્યું છે કે, જો કોઈ પોલીસ સ્ટેશનની હદમાં અન્ય બાહ્ય



એજન્સી દ્વારા ડ્રગ્સ અંગે દરોડો પાડવામાં આવશે, તો જે-તે પોલીસ સ્ટેશનના PSI કે PI જવાબદાર ગણાશે. તેમની વિરૂદ્ધ ફરજમાં બેદરકારી દાખવવા બદલ સસ્પેન્શન સુધીના કડક પગલાં લેવામાં આવી શકે છે.

અત્યાર સુધી ડ્રગ્સના નાના કેસોમાં પોલીસ દ્વારા શરૂઆતમાં માત્ર રૂટિન તપાસ કરીને કામગીરી સમેટી લેવાતી હતી, જેના પરિણામે ડ્રગ્સના મુખ્ય નેટવર્ક સુધી પહોંચી શકાતું નહોતું. હવેથી દરેક પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ અધિકારીની એ જવાબદારી રહેશે કે તેઓ ડ્રગ્સના મૂળ નેટવર્ક સુધી પહોંચે. આ માટે તેઓ સ્થાનિક ગુપ્તચર એજન્સીઓની મદદ પણ લઈ શકશે.


ડ્રગ્સની લતનો ગેરલાભ ઉઠાવીને કેટલાક ડ્રગ માફિયાઓ યુવાનોને આ કાળા કારોબારમાં ધકેલી દે છે, જેના કારણે કેટલાય યુવાનોની જિંદગી બરબાદ થઈ જાય છે. નશાના ચંગુલમાં ફસાયેલા આવા યુવાનોને બહાર લાવવા અને તેમનું પુનર્વસન કરાવવા માટે પણ પોલીસે ખાસ આયોજન કર્યું છે. જેમાં યુવાનો નશો છોડી શકે તે માટે નિષ્ણાતોની મદદથી કાઉન્સેલિંગ કરવામાં આવશે અને તેમને સમાજની મુખ્ય ધારામાં પાછા લાવવા માટે સઘન કામગીરી કરાશે.

## સુરતમાં અનેક દૂકાનોમાં આગ પ્રસરી

# EVના શોરૂમમાં આગ 15 વાહનો બળીને ખાખ


સિટી ન્યૂઝ@સુરત

સુરત શહેરના પોશ ગણાતા અડાજણ વિસ્તારમાં આજે ૧૮ જૂને સવારે આગની ઘટના બની હતી. અડાજણ ચાર રસ્તા પાસે આવેલી BAPS હોસ્પિટલની નજીકની દુકાનોમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, આગ એક ઇલેક્ટ્રિક વ્હીકલના શો-રૂમમાંથી શરૂ થઈ હતી, જેણે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને બાજુમાં આવેલી એપોલો ફાર્મસી અને રેસ્ટોરન્ટને પણ ઝપેટમાં લેવામાં આવ્યા હતા.ફાયરની ટીમે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. પતરાના શેડનું લોખંડનું સ્ટ્રક્ચર પણ ઓગળી ગયું આગ એટલી પ્રચંડ અને ભયાવહ હતી કે તેના કારણે



અસહ્ય ગરમી પેદા થઈ હતી. પતરાના શેડમાં બનાવવામાં આવેલી આ દુકાનોમાં લાગેલી આગની ભયંકર ગરમીના કારણે દુકાનોનું મજબૂત લોખંડનું સ્ટ્રક્ચર પણ ઓગળી ગયું હતું અને જોતજોતામાં નમી પડ્યું હતું. માળખું નમી પડવાને કારણે આસપાસના લોકોમાં વધુ ભયનો માહોલ જોવા મળ્યો હતો.

શો-રૂમમાંથી ફાર્મસી અને રેસ્ટોરન્ટમાં પ્રસરી આગ અડાજણ ચાર રસ્તા પાસે આવેલા TVS EV શો-રૂમમાં અચાનક કોઈ કારણોસર આગ લાગી હતી. EV વાહનોની બેટરી અને અન્ય સ્પેરપાર્ટ્સને કારણે આગે એટલું રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું કે તે બાજુમાં આવેલી એપોલો ફાર્મસી અને એક પ્રખ્યાત રેસ્ટોરન્ટ સુધી પ્રસરી ગઈ હતી.



## ગુજરાત સરકારનો મોટો નિર્ણય

# ઉંદર પકડવાના ગ્લુ ટ્રેપ પર સંપૂર્ણ પ્રતિબંધ

સિટી ન્યૂઝ@ગાંધીનગર

ગાંધીનગરઃ પ્રાણી કલ્યાણ અને પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા રોકવા માટે ગુજરાત સરકારે એક મહત્વપૂર્ણ અને કડક નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે હવે ઉંદર અને અન્ય રોડન્ટ પકડવા માટે ઉપયોગમાં લેવાતા ગ્લુ ટ્રેપ પર સંપૂર્ણ પ્રતિબંધ જાહેર કર્યો છે. આ પ્રતિબંધ હેઠળ ગ્લુ ટ્રેપનું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ તેમજ ઉપયોગ ચારેય બાબતો પર રોક લગાવવામાં આવી છે.

વર્ષોથી ઘર, ઓફિસ, ગોડાઉન, ઉદ્યોગો અને વ્યાવસાયિક સંસ્થાઓમાં ઉંદરોને પકડવા માટે ગ્લુ ટ્રેપનો વ્યાપક ઉપયોગ થતો રહ્યો છે. દેખાવમાં સામાન્ય લાગતા આ ચિપકતા ફંદા પ્રાણીઓ માટે અત્યંત પીડાદાયક સાબિત થતા હોવાનું માનવામાં આવે છે. ગ્લુ ટ્રેપમાં ફસાયેલા ઉંદર કે અન્ય નાના પ્રાણીઓ લાંબા સમય સુધી બહાર નીકળી શકતા નથી.

મુક્ત થવાના પ્રયાસમાં તેઓ ખુદને ગંભીર ઈજાઓ પહોંચાડે છે અને ઘણી વખત ભૂખ, તરસ, થાક અથવા અન્ય કારણોસર મૃત્યું પામે છે. આવી પદ્ધતિ પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા સમાન છે અને તેને રોકવા માટે હવે કડક પગલાં લેવામાં આવશે.